આજનો સુવિચાર

જ્યાં ક્ષમા નથી ત્યાં પ્રેમ માત્ર વિડંબના છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૪૮ જૂનાગઢ તા.૧૧-૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

સરકાર ઝુકી : નવા જંત્રી દરનો અમલ હવે ૧૫ એપ્રિલથી કરાશે

ગાંધીનગર તા.૧૧ : ગુજરાત સરકારે જંત્રીદરમાં રાતોરાત ઝીંકેલા ૧૦૦ ટકાના વધારા સામે રાજયભરમાં ઉઠેલા વિરોધ વંટોળ તથા આંદોલનના અલ્ટીમેટમ બાદ છેવટે શરત જાહેર કરીછે અને નવાજંત્રીદરનો અમલ હાલ તુર્ત મોકુફ રાખીને ૧૫ એપ્રિલથી લાગુ કરવાનો નિર્ણય લીધો છે.

રાજયના રીયલ એસ્ટેટ ક્ષેત્ર તથા સામાન્ય જનસમુદાયનાં હિતમાં આ નિર્ણય લેવાયાનો દાવો કરવામાં આવ્યો છે. જંત્રીદર વધારાનો અમલ પાછો ઠેલવાનો નિર્ણય આજે સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો તે પૂર્વે ગત મોડીસાંજે મુખ્યમંત્રીએ મુખ્ય સચીવ તથા મહેસુલ સચીવે મહત્વપૂર્ણ બેઠક કરીને જંત્રીદર વધારાથી ઉદભવેલી સ્થિતિની સમીક્ષા કરી હતી અને ત્યારબાદ આજે સવારમાં જ રાહત આપતો નિર્ણય લીધો હતો.

રાજય સરકારે ગત સપ્તાહમાં જંત્રીદરમાં ઓચિંતો ૧૦૦ ટકાનો વધારો જાહેર કર્યો હતો અને તે સાથે જ મિલકત ખરીદનારા ગ્રાહકોથી માંડીને બીલ્ડરો સુધી તમામવર્ગોમાં વિરોધ વંટોળ સર્જાયો હતો. બીલ્ડર સંગઠન દ્વારા તો બીજા જ દિવસે મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ રજુઆત કરી હતી.

જંત્રીદર વધારો ૧ મેથી લાગુ કરવાની માંગ કરવામાં આવી હતી. જંત્રીદર વધારાથી નવી શરતને જુની શરતમાં ફેરવવાના પ્રિમીયમ તથા પેઈડ એફએસઆઈમાં મોટો વધારો થાય તેમ હોવાથી તેના દર ૪૦ટકાથી ઘટાડીને ૨૦ટકા કરવાની માંગ કરી હતી. આ પગલાથી પ્રોપર્ટી ટેક્સ પણ વધવા વિશે ધ્યાન દોર્યું હતું. આ ઉપરાંત રહેણાંક તથા દુકાનો ઉપરનાં જંત્રીદરમાંઘટાડોકરવાની પણ માંગ કરી હતી.

સામાન્ય ગ્રાહકથી માંડીને બિલ્ડરો સુધીનાં વર્ગોનાં વ્યાપક વિરોધને પગલે સરકારે તાત્કાલીક અધિકારીઓ સાથે મેરેથોન બેઠકો યોજી હતી.

સુરતમાં ગતરાત્રે ૩.૮ની તિવ્રતાનો ભુકંપનો આંચકો : લોકો ભયભીત

સુરત તા. ૧૧ સુરતમાં ગતમોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગતરાત્રે લગભગ ૧ વાગ્યાની આસપાસ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

ભૂકંપના આંચકાને કારણે શહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

રાજયમાં છેલ્લા ઘણા દિવસથી સૌરાષ્ટ્ર - કચ્છમાં આંચકા અનુભવાયા હતા. હવે સુરતમાંમોડી રાત્રે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપની તિવ્રતા ૩.૮ની મપાઈ હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ સુરતથી ૨૭કિમી દૂર નોંધાયું હતું. સુરતમાં આવેલા ભૂકંપના આંચકાને પગલેશહેરીજનોમાં ભયનો માહોલ જોવા મળ્યોહતો. ભૂકંપને કારણે કોઈ નુકશાન થયું નથી.

હજુ એક દિવસ પહેલા જ કચ્છના ભચાઉમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ ઉપર ભૂકંપની તિવ્રતા ૩.૦ નોંધાઈ હતી.

આ ઉપરાંત અમરેલી જિલ્લામાં એક પછી એક ત્રણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપને કારણે લોકો ફફડી ઉઠ્યા હતા.

દેશનાં ટોપ-૧૦ શિક્ષિત શહેરોમાં ગુજરાતનાં બે શહેરોનો સમાવેશ

અમદાવાદ તા. ૧૧ ભારતના ટોપ ટેન શિક્ષિત શહેરોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમા અમદાવાદે ૮મો અને સુરતે ૧૦મો ક્રમ મેળવ્યો છે. બેંગલુરુએ યાદીમાં પહેલો ક્રમમેળવ્યોછે. પૂણેએબીજોઅને હૈદારાબાદે ત્રીજોક્રમ મેળવ્યોછે. શિક્ષિત શહેરોની યાદીમાં અમદાવાદની IIM, નિરમા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, વિશ્વકર્મા એન્જિનિયરીંગ કોલેજ તેમજ વિવિધ વિદ્યાશાખાની કોલેજોનો સમાવેશ કરાયો છે. તો સુરતમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો સમાવેશ કરાયો છે.

આપણે ભલે વિકાસને શહેરના ઉત્કૃષ્ઠતાનું માપદંડ માપતાં હોઈએ પણ કોઈપણ શહેરની શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનો માપદંડ શહેરનુંશિક્ષણ છે. દેશના આર્થિક વિકાસ તેમજ જે તે વિસ્તારનાં ગ્રોથમાં શિક્ષિત શહેરોનું મહત્ત્વનું યોગદાન છે. છેલ્લાબે-ત્રણ દાયકામાં ભારતનાં આઈટી એન્જિનિયર્સ તેમજ મેનેજમેન્ટ પ્રોફેશનલ્સે વિશ્વનાં અનેક ઉદ્યોગો ઉપર વર્ચસ્વ જમાવ્યું છે. અનેક બહુરાષ્ટ્રીય કંપનીમાં ભારતીયો CO બન્યા છે. કેટલાક દેશોમાં મૂળ ભારતીયો પ્રધાન કે વડાપ્રધાન તરીકે ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. વાત ટેકનોલોજી કે મેડિસિનની હોય કે રાજકારણ કે ડિપ્લોમસીની હોય સર્વત્ર ભારતીયો છવાઈ ગયા છે. દરેકક્ષેત્રે સંશોધન અને વિકાસનો માહોલ જોવા મળી રહ્યો છે. આ તમામ ગુણો ગુણવત્તાસભર શિક્ષણનું પરિણામ છે. જે દેશને તેમજ દેશનાં લોકોને પ્રગતિનાપંચ લઈ જાય છે. ભારતનાં પ્રોફેશનલ્સ અમેરિકા તેમજ યુરોપ સહિત વિશ્વમાં ભારતનાં ત્રિરંગા સાથે જ્ઞાનનાં પરચમ લહેરાવી રહ્યા છે. શિક્ષણનાં આ મહાયજ્ઞમાં ભારતના ટોચના ૧૦ શહેરોનો સમાવેશ થાય છે. ભારત સતત નવી સ્કીલ તૈયાર કરી રહ્યું છે અને આગળ વધી રહ્યું છે. એ દેશના વિકાસમાં આ શહેરોનું મહત્વનું યોગદાન છે.

વડાપ્રધાન મોદી રશિયા - યુક્રેન યુધ્ધ અટકાવી શકે છે : અમેરીકા

વોશીંગ્ટન, તા.૧૧: વ્હાઈટ હાઉસે શુક્રવારે ફરી કહ્યું કે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કોઈપણ પ્રયાસને અમેરિકા આવકારશે. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું કેમને લાગે છે કે પુતિનનીપાસે યુદ્ધને રોકવામાટેહજુ સમય છે અને આવુ કરવા માટે તેમને વડાપ્રધાન મોદી મનાવી શકે છે. કિર્બીએ કહ્યું કે અમેરિકા વડાપ્રધાન મોદીના કોઈ પણ પ્રયાસનું સ્વાગત કરશે. જેથી યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધનો અંત આવી શકે.

આ દરમ્યાન જોન કિર્બીએ વડાપ્રધાન મોદીના તે નિવેદનનો ઉલ્લેખ કર્યો કે તેમને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની સાથે વાતચીત દરમ્યાન કહ્યું હતું કે આ યુદ્ધનો યુગ નથી. કિર્બીએ કહ્યું કે આ નિવેદનનું અમેરિકાએ સ્વાગત કર્યુ હતું અને યૂરોપમાં તે ખુબ જ સકારાત્મક રીતે જોવા મળ્યું.

શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલન પહેલા વડાપ્રધાન મોદીએ પુતિનને કહ્યું હતું કે આજનો યુગ યુદ્ધનો નથી અને મેં તેના વિશે તમારા સાથે ફોન ઉપર વાત કરી છે. આજે પણ આપણને આ વિશે વાત કરવાનો અવસર મળશે કે આપણે કયા રસ્તે આગળ વધી શકીએ છીએ. વડાપ્રધાને ઉઝ્બેકિસ્તાનના સમરકંદમાં દ્વિપક્ષીય બેઠક દરમ્યાન આ વાત કહી હતી. આ નિવેદનને વિશ્વના નેતાઓએ સ્વીકાર કર્યો અને આંતરરાષ્ટ્રીય મીડિયાએ તેના વખામ કર્યા.

ત્યારે જોન કિર્બીએ રશિયા-યૂક્રેન યુદ્ધ માટે રાષ્ટ્રપતિ પુતિનને જવાબદાર ગણાવ્યા. તેમને કહ્યું કે યૂક્રેનના લોકો ઉપર જે વીતી રહ્યું છે તેના માટે વ્લાદિમીર પુતિન એક માત્ર વ્યક્તિ જવાબદાર છે અને તે હજુ પણ રોકી શકે છે. તેના બદલે તે ઉર્જા અને વીજળીના માળખા ઉપર ક્રુઝ મિસાઈલો ચલાવી રહયા છે.

ભારતનાં સમુદ્રોનું તાપમાન વધતા પ્રલયકારી વરસાદ પડવાનો ખતરો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૧ ભારતના સમુદ્રો વધુ ગરમ થવાથી ચોમાસા પહેલા અને ચોમાસા દરમ્યાન પ્રલયકારી વરસાદની ઘટનાઓમાં વધારો થવાનો ખતરો છે. સમુદ્રમાંથી ઉઠતી લુઆવનારાસમયમાં આ સમસ્યાને વધુ જટીલ બનાવી શકે છે. 'નેચર' મેગેઝીનમાં છપાયેલ રિપોર્ટમાં આ વાત કહેવાઈ છે. રિપોર્ટ અનુસાર ભારતીયસમુદ્ર અપેક્ષાનીતુલનામાં વધુ ગરમથઈ રહ્યા છે. ૧૮૭૦ થી લઈને અત્યાર સુધીમાં સમુદ્રનાં તાપમાનમાં ૧.૪ ડીગ્રીનો વધારો થયો છે. આ વધારો વિશ્વનાં અન્ય સમુદ્રોની તુલનામાં સર્વાધિક છે. સમુદ્રમાંવધતા તાપમાનનાંકારણે ત્યાં ઉત્પન્ન થતી મરીન હીટવેવ (સમુદ્રી લુ) પણ તીવ્ર થઈ રહી છે.

રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૦૦ થી પહેલા કોઈપણ હીટવેવ ૫૦ દિવસમાં પુરી થઈ જતી હતી પરંતુ હવે તેનો સમય ૨૫૦ થી વધુ દિવસોમાં વિસ્તાર પામ્યો છે. સમુદ્રમાં ચાલતી આ પ્રકારની હીટવેવ ચોમાસા ઉપર અસર કરી રહી છે.

દેશમાં સમુદ્રનું વધતું તાપમાન અને લાંબી ચાલનારી સમુદ્રી લુના કારણે તટીય રાજયોમાં ચોમાસા દરમ્યાન અને તેના પહેલાકે બાદમાં અધિક વરસાદની ઘટનાઓ ઝડપથી વધી રહી છે. જે ગંભીર રૂપ ધારણ કરી લે છે. આવી ઘટનાઓની આગાહી કરવી પણ પડકારજનક બાબત બની છે.

તૂર્કી - સિરીયામાં આવેલા ભુકંપનો મૃત્યુઆંક ૨૪ હજારને પાર : બચાવ કામગીરી યથાવત

લંડન, તા.૧૧: હાડ થીજવતી ઠંડી વચ્ચે તુર્કીયે અને સીરિયામાં ભૂકંપ પીડિતોને રેસ્કયૂ કરવાનું કામ ચાલુછે. પરંતુ જેમ-જેમ ઈમારતોનો કાટમાળ હટાવવામાં આવી રહ્યો છે, તેમ તેમ મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. એક રિપોર્ટ મુજબ એક દિવસ પહેલા સુધી મળતકોનો આંકડો જે ૨૨હજાર ઉપરહતો, તે હવેવધીને ૨૪ હજારને પાર કરી ગયો છે. અહીં રેસ્કયૂ કામગીરી હજુ પણ યથાવત છે.

રેસ્કયૂ ઓપરેશનને આગળ વધારતાની સાથે-સાથે મળતઆંક પણ સતત વધી રહ્યો છે. કેટલાકર નિષ્ણાતોનું માનવું છે કે ભૂકંપના કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા આનાથી ઘણી વધારે હોઈ શકે છે. હાલ ભૂકંપથી -ભાવિત વિસ્તારોમાંહજારો લોકોહોસ્પીટલમાં દાખલ છે. હજુ પણ અનેક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે. ગત તા.૬ ફેબ્રુઆરીની સવારે તુર્કીયેમાં ભયાનક ભૂકંપ આવ્યો હતો.

જે બાદ તુર્કીયે અને સીરિયાની મદદ માટે ઘણા દેશો આગળ આવ્યા છે. ભારતે મેડિકલ ટીમની સાથે VÍGßની ટીમો પણ તુર્કીયે મોકલી છે, જયારે અન્ય દેશોએ મદદ મોકલી છે. વિશ્વ બેંકે તુર્કીયેને ૧.૭૮ અબજ ડોલર આપવાની જાહેરાત કરી છે. તો અમેરિકાએ તુર્કીયે અને સીરિયાની મદદ માટે ૮૫ મિલિયન ડોલરની સહાયની જાહેરાત કરી છે.

પીએફ ઉપર વ્યાજદર ઘટવાની શકયતા : કર્મચારી વર્ગને ફટકો પડશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૧૧ સરકાર વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રોવિડન્ટ ફંડ ડિપોઝીટ ઉપર લગભગ આઠ ટકા વ્યાજ નકકી કરી શકે છે. જે ગત નાણાંકીય વર્ષનાં નિશ્ચીત રેટની ઘણી નજીક છે. અહેવાલ મુજબ એક અધિકારીનાં જણાવ્યા પ્રમાણે આ વર્ષે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ) રોકાણ ઉપર રિટર્ન મજબુત રહ્યું છે.

સાથે સાથે કોરોનાને કારણે કરવામાં આવેલા ઉપાડમાં ઘટાડો થયો છે. ત્યાં સુધી કે ઈકવીટીમાં રોકાણથી ગત વર્ષની તુલનામાં વધુ સારૂ રિટર્ન મળવાની આશા છે. એટલે ઈન્ટરેસ્ટ રેટને ૮.૧ ટકાઉપર જાળવી રાખવા કે તેમાંમામુલી ઘટાડો કરીને ૮ ટકા કરવાનો નિર્ણય લેવાઈ શકે છે. એક અન્ય અધિકારીએ જણાવ્યું હતું કે વ્યાજદર ૮.૧ ટકાથી વધુવધવાથી પીએફ રેટ અને પબ્લીક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ) અને જનરલ પ્રોવિડન્ટ ફંડ (જીપીએફ) દરમ્યાન અંતર વધી જશે જે ૭.૧ ટકા છે.

જુન, જુલાઈ, ઓગષ્ટમાં ભીષણ ગરમી પડવાની આગાહી : અગાઉનાં તમામ રેકોર્ડ તુટી જશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧ ચાલુ વર્ષે હાડ થીજાવી દે તેવી ઠંડી પછી હવે ગરમી સહન કરવા માટે તૈયાર થઈ જાઓ. હાલમાં સવારે હળવો તડકો અને સાંજે ઠંડો ઠંડો પવન ગુલાબી ઠંડીનોઅહેસાસ કરાવે છે. આ મૌસમ બહુ જલદી વિદાય લેવાનું છે. હવામાન વૈજ્ઞાનિકોનાં જણાવ્યા અનુસાર આ વખતે ગરમી તમામ રેકોર્ડ તોડી નાખશે. હાલ જે ડેટા સામે આવ્યો છે તેમાં અલ નીનો કલાઈમેટ પેટર્ન આ તરફ જ ઈશારો કરી રહ્યું છે. જો કે વૈજ્ઞાનિકોએ કહ્યું કે તેના પ્રભાવનું આંકલન કરવું હાલ થોડું જલદી કહી શકાય.

યુએસ નેશનલ ઓશનિકએન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશનના નવા અંદાજા મુજબ જૂન, જુલાઈ અને ઓગસ્ટના ગરમીના મહિનાઓ દરમ્યાન અલ નીનોની સ્થિતિ પ્રબળ થવાની લગભગ ૫૦ ટકા શક્યતા છે. જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં ૫૮ ટકા શક્યતા છે. આ બંને જ સંખ્યા સંભાવનાથી વધુ છે.

લા નીનાના પ્રભાવના સતત ત્રણ વર્ષ બાદ વિશ્વ ભરના વૈજ્ઞાનિકો અલ નીનો સ્થિતિઓના ઉભરવાનો અંદાજોલગાવી રહ્યા છે. નવા આંકડા મુજબ માર્ચ-એપ્રિલ, મેમાં આમ થવાની સંભાવના ઓછી છે. એપ્રિલ-મે-જૂનમાં લગભગ ૧૫ ટકા અને મે, જૂન જુલાઈમાં લગભગ ૩૭ટકા સુધી શક્યતા વધે છે.

જાહેરવિતરણ વ્યવસ્થાનું ખાનગીકરણ, મફત રાશન અને સબસીડી ઘટાડવા નીતિ આયોગની ભલામણ

નવી દિલ્હી,તા. ૧૧: ૧ ફેબ્રુઆરીએ રજૂકરવામાંઆવેલા કેન્દ્રીય બજેટમાં ગરીબો માટે ફૂડ સબસિડીમાં ૬૩ ટકાનો મોટો કાપ મૂકવામાં આવ્યો હતો. આ ખર્ચ ઘટાડવાના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે, સરકારે ડિસેમ્બર, ૨૦૨૨ માં કોવિડના સમયમાં શરૂ કરવામાં આવેલ બધા માટે મફત ખોરાકની યોજનાને નાબૂદ કરી અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ અન્ય યોજનાઓમાં ફેરબદલ કરીને, વડાપ્રધાનનું નામ ઉમેરીને, રિબ્રાન્ડેડ કર્યું હતું.

બે મહિના પહેલા, સરકારે ફૂડ સિક્યુરિટી એક્ટ હેઠળ લાભાર્થીઓનો વિસ્તાર વધારવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશનો વિરોધ કર્યો હતો. અરજદારે કહ્યું કે આ કાયદાનો લાભ લેનારા લોકોની સંખ્યા ૮૦ કરોડથી થોડી વધારે નક્કી કરવામાં આવી છે, જે ૨૦૧૧ની જૂની વસ્તી ગણતરી ઉપર આધારિત છે. સામાન્ય અંદાજ મુજબ વાત કરીએ તો વસ્તી વધારાના કારણે ઓછામાં ઓછા દસ કરોડ લોકો આ કાર્યક્રમના દાયરામાં છે.

હવે ધ રિપોર્ટર્સ કલેકટિવના કબજામાં રહેલા આંતરિક સરકારી દસ્તાવેજો ખાદ્ય સબસિડી ઘટાડવામાં ટોચની પોલિસી થિંક ટેન્ક નીતિ આયોગની ભૂમિકા ઉપર પ્રકાશ પાડે છે.

આ દસ્તાવેજો ઉપરથી જાણવા મળે છે કે નીતિ આયોગ ખાદ્ય સુરક્ષા કાર્યક્રમોનો વિસ્તાર વધારવાનો સખત વિરોધ કરેછે. તેણે વારંવાર ગરીબોને સબસિડીવાળા રાશન પૂરા પાડતી જાહેર ખાદ્ય વિતરણ પ્રણાલીનું કદ ઘટાડવા અને તેને બદલવાનો પ્રયાસ કર્યો છે.

દેશની અર્થવ્યવસ્થા સામે દાણચોરી એકબહુ મોટો પડકાર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧ : દાણચોરીના કારણે દેશની અર્થવ્યવસ્થાને જે નુકશાન થઈ રહ્યું છે. તે સરકારના અમૃતકાળના દ્રષ્ટિકોણ હેઠળ ભારતના ૪૦ હજાર ડોલર્સની અર્થવ્યવસ્થા બનવાની રાહમાં બાધારૂપ બનશે. ઉદ્યોગ મંડળ FICCIની દાણચોરી અને નકલીવસ્તુના કારણે અર્થવ્યવસ્થાને થઈ રહેલા વિરૂધ્ધ સમિતિની એક રિપોર્ટમાં આ આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

રિપોર્ટ મુજબ, દાણચોરી વિરૂધ્ધ એક મજબૂત આંતરરાષ્ટ્રીય અભિયાન ચલાવાની જરૂરિયાતછે. FICCIએ ગયા વર્ષે ૧૧ ફેબ્રુઆરીએ દાણચોરી-પ્રતિબંધ દિવસના રૂપેમનાવામાં આવ્યોહતો અને સરકારને દાણચોરીના મુદ્દાને વિશ્વ સમક્ષ ઉપર રાખવાની અપીલ કરી હતી.

ભારત દ્વારા ૨૦૨૩માં ગગનયાન સહિત અનેક અવકાશ મિશનની તૈયારી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧ અવકાશ ક્ષેત્રે ભારતનું વર્ચસ્વ સતત વધી રહ્યું છે. ચંદ્રયાન પછી ભારતે હવે ૨૦૨૩માં ગગનયાન સહિત અનેક અવકાશ મિશનની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ISRO ગગનયાનને ૩ માણસો સાથે અવકાશમાં મોકલવાની યોજના તૈયાર કરી રહ્યું છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના વડા એસ સોમનાથે કહ્યું કે વર્ષ ૨૦૨૩માં અમે ગગનયાનની તૈયારી સહિત ઘણા નવા મિશન શરૂ કરીશું. માનવસહિત અવકાશ મિશન ગગનયાનની તૈયારીઓ ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે ગગનયાન પ્રોજેક્ટ હેઠળ, માનવસહિત અવકાશ ઉડાનની ક્ષમતા દર્શાવવા માટે ત્રણ અવકાશયાત્રીઓને ૩ દિવસના મિશન માટે ૪૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે અને પછી હિંદ મહાસાગરમાં સુરક્ષિત રીતે ઉતરાણ કરવામાં આવશે.

કોલિંગ પ્લાન પણ ઓફર કરવા કંપનીઓને ટ્રાઈનો આદેશ

નવી દિલ્હી તા.૧૧ દેશમાં મોબાઈલ ફોનના આગમન બાદ હવે છેક 5-G સુધીની સફરમાં ફોનના મૂળભૂત-'કોલીંગ'ના દર તો એક તબકકે ઘટયા હતા પણ બાદમાં મોબાઈલ કંપનીઓએ ડેટા-ઈન્ટરનેટ સહિતની સેવાઓ તથા અન્ય વેલ્યુ એડેડ સેવામાં પણ મોબાઈલ ટેરીફ પ્લાનમાં ઘુસાડીને પ્રીપેઈડ અને પોષ્ટપેઈડ પ્લાન મોંઘા કરવા લાગ્યા હતા

પણ ટેલિકોમ રેગ્યુલેટરી એ હવે બેક-ટુ-બેઝીક જવા માટે મોબાઈલ કંપનીઓને જણાવ્યું છે એટલે કંપનીઓએ હવે ફકત મોબાઈલ-કોલીંગ પ્લાન પણ લાવવાના રહેશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....

શ્રી માધવ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. જૂનાગઢ

રજી. ઓફીસ : બી/૧, ગ્રાઉન્ડ ફલોર, રવિકિરણ એપા., જાગનાથ મંદિર રોડ, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) ૨૬૨૦૮૫૫

તાત્કાલીક વેચવાનું છે

૧. ડીપ ફ્રીઝ (આઈસ ક્રીમનું/૪૧૦ લિટર)
૨. બોટલીંગ ફ્રીઝ (ડિસ્પ્લે ફ્રીઝ)
૩. ૧.૫ ટનનું A/c.
૪. ૨૨ X૧૧ રેક (ફિક્સ)
૫. મોલને લગતી તમામ આઈટમસ વેચવાની છે

નોંધ : બધી વસ્તુ એક વર્ષ યુઝડ એટલે કે વાપરેલ છે

:: કોન્ટેકટ ::
મો. ૯૮૯૮૪ ૨૩૯૩૨
૭૨૦૨૦ ૭૨૦૧૦

કારખાનું વેચવાનું છે

જૂનાગઢમાં સક્કરબાગની સામે રાજ ટાયરવાળી ગલીમાં લક્ષ્મી ફર્નિચરવાળુ ૮૦૦ વાર ૧૫૦૦૦ સ્કેવેર ફુટ બાંધકામ કોર્નરનું, ત્રણ માળનું, ચાર સાઈડ ખુલી ગોડાઉનને લાયક ઈન્વેસ્ટ કરવા ઈચ્છતા લોકો માટે સોનાની લગડી સમાન
સંપર્ક : ૬૩૫૪૮ ૯૨૩૭૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બેટ-દ્વારકાના કેશવરાયજી મંદિરમાં દેશ ભરના ૧૨૫ ટ્રસ્ટીઓના નવા સંગઠનની રચના કરાશે

જુદા જુદા રાજ્યના પુષ્કર્ણા બ્રાહ્મણોના આગેવાનોની ખાસ મીટીંગ યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

સમગ્ર ભારત સહિત દેશ વિદેશમાં વસતા આશરે ૬૫ લાખ જેટલા સમસ્ત પુષ્કર્ણા (પુષ્ટિકર) બ્રાહ્મણ સમાજનાં ઈષ્ટ (આરાધ્ય) દેવનું મુખ્ય મંદિર દેવભૂમિ દ્વારકાનાં બેટ-દ્વારકા ખાતે આવેલું છે. જે અંદાજે ૫૦૦ વર્ષનો ઈતિહાસ ધરાવે છે. આ પૌરાણિક મંદિર સંદર્ભે કુલ ૧૨૫ ટ્રસ્ટીઓનાં ટ્રસ્ટમંડળ સાથે એક નવીન અધિકૃત સાર્વજનિક ટ્રસ્ટ "શ્રી કેશવરાયજી મંદિર ટ્રસ્ટ, બેટ-દ્વારકા, ગુજરાત"નાં નામથી રજીસ્ટર કરવા તાજેતરમાં ગુજરાત અને અન્ય રાજ્યમાંથી કુલ ૨૮ વ્યક્તિઓ સાથેની અરજી દેવભૂમિ દ્વારકાનાં ચેરીટી કમિશ્નર કચેરીએ રજુ કરવામાં આવી હતી. આ શુભારંભને સ્થાનિય પુષ્કર્ણા બ્રાહ્મણ સમાજના સહકારથી ખૂબ જ ઉત્સાહિત રીતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં રાજસ્થાનથી આવેલા મહેમાનો દ્વારા નવીન ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરીને સ્થાનિક વડીલોનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ખંભાળિયા પુષ્કર્ણા બ્રાહ્મણ સમાજના ટ્રસ્ટી મંડળનાં દરેક પદાધિકારીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખંભાળિયા પુષ્કર્ણા મહિલા અગ્રણી હીનાબેન હિતેન્દ્રભાઈ આચાર્ય (કારોબારી ચેરમેન - ખંભાળિયા નગરપાલિકા)નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે સ્નેહ મિલન અને સમુહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યા જ્ઞાતિજનો અને વિવિધ ક્ષેત્રના વ્યક્તિવિશેષોના સહકાર તથા સમર્થન દ્વારા આ પૌરાણિક મંદિરના કાયાકલ્પ અને ભવ્ય નૂતન મંદિરના નવનિર્માણનાં સંકલ્પ સાથે આગામી સમયમાં સમગ્ર દેશના પુષ્કર્ણા બ્રાહ્મણોને જોડી ને કુલ ૧૨૫ લોકો સાથેનું એક સશક્ત ટ્રસ્ટ મંડળ બનાવવા સમાજ અગ્રણીઓ દ્વારા પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જામનગરના ભરતભાઈ ઓઝા, દિલીપભાઈ બોડા અને મુંબઈના સુધીરભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું.

જામનગરના યુવાનોએ સાથે મળીને બનાવી ૧૦ મિલિયન ડોલરની કંપની સ્પીડફોર્સ

રેડીઅસિસ્ટ સાથે મળી અને બની ૧૦ ગણી મોટી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

રેડીઅસિસ્ટએ ૧૦૦૦ ટુ-વ્હીલર વર્કશોપ ચેઇન સ્થાપવા માટે અમેરિકન ડોલર ૧૦ મિલિયનમાં સ્પીડફોર્સ સાથે હસ્તગત કર્યું છે. જેના થકી હજારો લોકોની રોજગારીનું સર્જન થશે. સ્પીડફોર્સ આંતરરાષ્ટ્રીય અને નંબર ૧ મલ્ટી-બ્રાન્ડ ટુ વ્હીલર સર્વિસ ફ્રેન્ચાઈઝ ચેઇન કંપની છે. જેમાં છેલ્લા ૩ વર્ષમાં બ્રાન્ડ દ્વારા ૩૦૦ થી વધુ વર્કશોપની સ્થાપના અને સંચાલન કરવામાં આવ્યું છે. બેંગલુરૂ સ્થિત કંપની રેડીઅસિસ્ટના સી.ઈ.ઓ. વિમલસિંહ એસ.વી.એ જણાવ્યું હતું કે આ એક્વિઝિશન સાથે રેડીઅસિસ્ટ મલ્ટિબ્રાન્ડ ટુ વ્હીલર વર્કશોપ્સની ભારતની સૌથી મોટી સાંકળ બની જશે અને દેશભરમાં ૮૦૦૦ રોડ સાઈડ સોલ્યુશન્સ મિકેનિકસના વર્તમાન નેટવર્કને પણ મજબૂત કરશે. સ્પીડફોર્સ ગ્રાહકો માટે પાન ઈન્ડિયા રોડસાઈડ સહાય અને ડોરસ્ટેપ સર્વિસ સફળતા પૂર્વક આપતું આવ્યું છે. વધુમાં સ્પીડફોર્સનું હાલનું નેટવર્ક રોડસાઈડ સોલ્યુશન્સ અને વર્કશોપ નેટવર્ક્સ માટે રેડીઅસિસ્ટની વિકાસ યોજનાઓને વેગ આપે તેવી અપેક્ષા છે. જે ક્ષેત્રમાં બજારમાં એક અનુકૂળ સ્થિતિ આપશે. આ મર્જર સાથે, રેડીઅસિસ્ટ તેની સુપર એપ દ્વારા તમામ ઓટોમોબાઈલ જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન બનવાના તેના વિઝનને સાકાર કરશે તેવી અપેક્ષા છે. સ્પીડફોર્સના સહ-સ્થાપક કપિલ ભીંડીએ જણાવ્યું હતું કે,"અમે રેડીઅસિસ્ટ સાથે હાથ મિલાવીએ છીએ. જેમાં અમને અને અમારી ટીમમાં ઘણો આનંદ અને ઉત્સાહ છે. અમે આગામી ત્રણ વર્ષમાં સ્પીડફોર્સ વર્કશોપને ૪૦૦૦ સુધી વધારીશું અને સ્થાનિક ટેક્નોલોજી અને પાન ઈન્ડિયા નેટવર્કની શક્તિને સરળતાથી જોડીશું અને અમે આ અસંગઠિત ક્ષેત્રને સંગઠિત કરવા તથા આ ક્ષેત્રમાં રોજગારીની ઘણી તકો પૂરી પાડીને દેશની અર્થવ્યવસ્થામાં વધારો કરવા સાથે દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે યુવાનો પોતાનું યોગદાન આપી રહ્યા છે.

ખંભાળિયા સાથે હલાર પંથકનું પણ ગૌરવ

"આ મર્જર સાથે બંને કંપનીઓ ઓટોમોબાઈલ આફટરમાર્કેટ અને સર્વિસ ઈન્ડસ્ટ્રીમાં ઓટોપાર્ક જેવી સમગ્ર ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે"તેમ દીપેન બારાઈ અને અશોક શાહ, સ્પીડફોર્સના અન્ય સહ-સ્થાપકોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સ્પીડફોર્સના દીપેનભાઈ બારાઈ મૂળ ખંભાળિયાના તથા તેમની સાથેના કપિલભાઈ ભીંડી જામનગરના વતની છે અને તેઓના આ સંયુક્ત સાહસથી નવા એક હજાર એકમોનું નિર્માણ પણ થનાર છે. જેનાથી રોજગારી સાથે ટુ વ્હીલર ગ્રાહકોની સુવિધા સુરક્ષામાં પણ વધારો થશે.

ખંભાળિયા શહેરમાં ભાજપની કારોબારી બેઠક

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા શહેર ભાજપની કારોબારી ગઈકાલે શુક્રવારે અહીંના યોગ કેન્દ્ર ખાતે યોજવામાં આવી હતી. શહેર ભાજપ પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં વિવિધ મુદ્દે ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. ખંભાળિયામાં નગરપાલિકા સંચાલિત યોગ કેન્દ્ર ખાતે શુક્રવારે ખંભાળિયા શહેર ભાજપની કારોબારી કમિટીની બેઠક યોજવામાં આવી હતી. ખંભાળિયા શહેર ભાજપના પ્રમુખ અનિલભાઈ તન્નાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલી આ કારોબારીમાં સ્વાગત પ્રવચન કરતા અનિલભાઈ તન્નાએ તાજેતરમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચુંટણીમાં ખંભાળિયાને મળેલી લીડનો શ્રેય સ્થાનિક કાર્યકરોને આપી અને આ લીડ બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે ભાજપના યુવા કાર્યકર ભવ્ય ગોકાણી દ્વારા વંદે માતરમ ગીત તેમજ રાજીવ ભૂંડીયા દ્વારા સાંગીત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ પાલભાઈ કરમુર દ્વારા રાજ્યમાં ચૂંટણીમાં ૧૫૬ બેઠક બદલ ધન્યવાદ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. પ્રદેશ કક્ષાએ ખંભાળિયા તાલુકાની કામગીરીના વખાણ કરી, આ ક્ષેત્રને કોંગ્રેસમુક્ત બનાવવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. પાર્ટીના આગામી સંગઠનાત્મક કાર્યક્રમો વિગેરેની માહિતી જિલ્લા મહામંત્રી શૈલેષ કણજારીયાએ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન શહેર મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર અને મુકેશભાઈ કાનાણીએ તેમજ આભાર વિધિ પિયુષભાઈ કણજારીયાએ કરી હતી. આ કારોબારીમાં ખંભાળિયા ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, નગરપાલિકાના સદસ્યો વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયામાં બુધવારે જલારામ બાપાની પુણ્યતિથિની થશે ભાવભરી ઉજવણી

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

રઘુવંશી જ્ઞાતિના પૂજનીય શ્રી જલારામ બાપાની પુણ્યતિથિ નિમિત્તે ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ ધર્મમય કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ખંભાળિયા લોહાણા મિત્ર મંડળ તથા દ્વારા પૂજ્ય જલારામ બાપાની પુણ્યતિથિ નિમિત્તે આગામી બુધવાર તારીખ ૧૫ મી ડિસેમ્બરના રોજ સવારે ૧૦ વાગ્યે પૂ. જલારામ બાપાના મંદિર ખાતે ભજન, કીર્તન તથા નૂતન ધ્વજારોહણ અને આરતી જેવા કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ સાથે અત્રે બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા લોહાણા મહાજન વાડી ખાતે સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી આયુષ્યમાન કાર્ડ કાઢી આપવાનો કેમ્પ યોજવામાં આવ્યો છે. આ સ્થળે બુધવારે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધી રઘુવંશી જ્ઞાતિના બહેનો માટે તેમજ સાંજે રાત્રે ૮:૩૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી ભાઈઓ માટેના સમૂહ જ્ઞાતિ ભોજન(નાત)નું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર આયોજન માટે લોહાણા મિત્ર મંડળની ટીમના કાર્યકરો ખભેખભા મિલાવીને જહેમત ઉઠાવી રહ્યા છે.

સમૂહ પ્રસાદ સહિતના કાર્યક્રમમાં સહભાગી થવા સર્વે રઘુવંશી જ્ઞાતિજનોને લોહાણા મિત્ર મંડળની ટીમ દ્વારા અપીલ કરવામાં આવી છે.

શિવરાત્રી અને લગ્નને લઈને સ્ટેજ પ્રોગ્રામ માટે જામીન માંગ્યા હતા

દેવાયત ખવડની વચગાળાની જામીન અરજી કોર્ટે ફગાવી

હુમલો કરવા મામલે જેલમાં બંધ લોકસાહિત્યકાર દેવાયત ખવડની વચગાળાની જામીન અરજી સેશન્સ કોર્ટ ફગાવી દીધી છે

રાજકોટ,તા.૧૧

મયૂરસિંહ રાણા ઉપર હુમલાના કેસમાં સંડોવાયેલ લોકસાહિત્યકાર દેવાયત ખવડે સેશન્સ કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરી હતી, જે અરજી કોર્ટે ફગાવી દીધી છે. ખવડ દ્વારા ૨૫ દિવસના જામીન માટેની અરજી કરાઈ હતી.

દેવાયત ખવડના વકીલદ્વારા સેશન્સ કોર્ટમાં વચગાળાની જામીન અરજી કરાઇ હતી, જે વચગાળાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. શિવરાત્રી અને લગ્નને લઈને સ્ટેજ પ્રોગ્રામ માટે ખવડે ૨૫ દિવસ માટે જામીનની માંગણી કરતી અરજી કરી હતી, જો કે, સરકારી વકીલ અને દેવાયત ખવડના વકીલે દ્વારા સામસામે દલીલ કરવામાં આવી હતી જે બાદ ખવડેની વચગાળાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. રાજકોટમાં દેવાયત ખવડ અને તેના સાથીઓ દ્વારા ૭ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ મયૂરસિંહ રાણા નામના યુવક પર હુમલો કરાયો હતો. આ મામલે એ-ડિવિઝન પોલીસ સ્ટેશને દેવાયત ખવડ અને તેનાં સાથીદારો સામે ગુનો નોંધાયો હતો. જેમાં ૧૦ દિવસ ફરાર રહ્યા બાદ દેવાયત ખવડે પોલીસ સમક્ષ સરેન્ડર કર્યું હતું. જે બાદ દેવાયત ખવડના બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ૧૯મી ડિસેમ્બરે ખવડ સહિત ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં પોલીસે વધુ રિમાન્ડની માંગણી નહીં કરતાં ત્રણેય આરોપીઓને જેલ હવાલે કરાયા હતા.

જે બાદ એડિવિઝન પોલીસે કાવતરાની કલમ ઉમેરવા કોર્ટ સમક્ષ રિપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં કાવતરૂં રચીને દેવાયત ખવડ અને તેના સાથીઓએ મયુરસિંહ ઉપર હુમલો કર્યાનો ઉલ્લેખ કરાયો હતો. આ કેસની તપાસ દરમ્યાન પોલીસને મયુરસિંહની ઓફિસ પાસેરેકી કર્યાના CCTV ફૂટેજ મળી આવ્યા હતા.

પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીના ઘરે હુમલાના કેસમાં ચુકાદો આવ્યો

કોંગ્રેસ નેતા મહેશ રાજપૂત સહિત ૭ શખ્સોને ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા

રાજકોટ,તા.૧૧

વર્ષ ૨૦૧૭માં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના ઘર પર હુમલાના પ્રયાસનો કેસમાં કોર્ટે નિર્ણય સંભળાવી દીધો છે. આ કેસમાં પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજયગુરૂ, કોંગ્રેસ નેતા મહેશ રાજપૂત સહિત ૭ શખ્સોને ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે દ્વારા નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે આ ચુકાદો આપ્યો છે.

૨૦૧૭માં ઈન્દ્રનીલ રાજ્યગુરૂના ભાઈ પર હુમલો થયા બાદ કોંગ્રેસના કાર્યકરો વિરોધ કરવા પૂર્વ મુખ્યમંત્રીના ઘર નજીક પહોંચ્યા હતા. જ્યાં હુમલાનો પ્રયાસ કરાયો હતો. કોર્ટે મહેશભાઈ રાજપુત, જગદીશભાઈ રબારી, ઈન્દ્રિનલ રાજગુરૂ, ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ પટેલ, મિતુલભાઈ દોંગા, હેમતભાઈ વિરડાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૭માં રાજકોટમાં મુખ્યમંત્રી સામે ચૂંટણી લડનાર કોંગ્રેસના ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુના ભાઈ દિવ્યનીલ ઉર્ફે દિપુ રાજયગુરૂ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ આખો મામલો બેનર લગાવવાની માથાકુટમાં બન્યો હતો. જેના પગલે કોંગ્રેસ ઉમેદવારોએ પોતાના સમર્થકોની સાથે તત્કાલીન સીએમ રૂપાણીના ઘરે પહોંચી ગયા હતાં.

ઈન્દ્રનીલ કોંગ્રેસના ટોળા સાથે મુખ્યમંત્રી રૂપાણીના ઘરે ધસી જતાં ટોળાનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. અંતે પોલીસે ઈન્દ્રનીલ રાજયગુરૂ સહિત ચારની અટકાયત કરી હતી હતી અને કુલ ૭ લોકો સામે રાયોટીંગનો ગુનો નોંધાયો હતો. જે બાદ કોર્ટે આ કેસના તમામ ૭ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે

જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે

: કોન્ટેક નંબર :

પંકજભાઈ રૂપારેલીયા

મો.૯૮૯૯૮૭૫૪૩૨૮

પાર્સલ સેવા આપવામાં આવશે

રાજ ડાયનીંગ હોલ

• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી

• જૂનાગઢ શહેરના હૃદયસમાકાળવાચોકમાં

• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

વિજય ઘી ડીપો

તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

વિજય ઘી ડીપો

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

દીપક ફટાકડા સેન્ટર

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

દીપક ફટાકડા સેન્ટર

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !

અમારે ત્યાંથી

• પાણીપુરી • ભેળ • સમોસા રગડો

• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ

• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ

• સેવપુરી • લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

જલારામ પાણીપુરી

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોટા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

ન્યુ બોમ્બે ઈલે.

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો.૯૩૭૫૫૫૨૦૫૫

પવિત્ર રજબ

મહિના નિમિત્તે સ્પે. રોટ મળશે

નારાયણ બેકરી

સુખનાથ ચોક જૂનાગઢ

મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

વંદના બેકરી

તળાવ દરવાજા રોડ જૂનાગઢ

મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.

માખણ રૂ. ૪૦૦

મલાઈ(ક્રિમ) રૂ. ૩૦૦

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી

ભેંસનું ઘી રૂ. ૫૬૦

ગાયનું ઘી રૂ. ૬૦૦

મલાઈવાળું દહી, ઘોરવું

તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોન: ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

આઈસ્ક્રીમ

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગઢ (જેતપુર) ખાતે પંચદશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી થશે

જૂનાગઢ, તા.૧૧

શ્રી સ્વામિનારાયણ મંદિર નવાગઢ (જેતપુર) ખાતે પંચદશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને જે અંગેની તડામાર તૈયારી ચાલી રહી છે.

અનંત મુમુક્ષજીવાત્માઓના પ્રેય અને શ્રેયને માટે ભગવાન સ્વામિનારાયણે મનુષ્યાકૃતિ ધારણ કરી આ ભારતવર્ષની ભૂમિ ઉપ્ર અવિરત પરીભ્રમણ કરી આખિર ગુર્જરધરાને પોતાની કર્મભૂમિ બનાવી છે તેમાય સોહામણી સોરઠ ભૂમિ એટલે સ્વામિનારાયણ સંપ્રદાયની ઉદગમભૂમિ, આજ્ઞા ઉપાસનાની સર્જનભૂમિ અને સ્વ.મહામંત્રની પ્રાગટયભૂમિ, આવી ઉર્જાવંતી યશસ્વી સોરઠભૂમિમાં શ્રીહરીએ અનેકવિધ ઐતિહાસિક અવતારી કાર્ય કરી આ ભૂમિને સવિશેષ પાવન કરી છે.

પોતાના અવતારી કાર્યનાં મહત્વના સંકલ્પો પૈકીનો એક અદભુત સંકલ્પ એટલે ગગનચુંબી મહામંદિરોના નિર્માણ મંદિરના માધ્યમથી એકેશ્વરવાદનું પ્રતિપાદન કરવા શ્રી લક્ષ્મીનારાયણ, નરનારાયણાદિક દેવોની સ્વવરદહસ્તે વેદોકત વિધિપુરઃસરઃ પ્રતિષ્ઠા કરી મોક્ષનું સદાવ્રત સદાકાળ ખુલ્લુ મુકયં. આ ઉજળી મોક્ષની પરંપરાને જીવંત રાખવા આજથી બસો વર્ષ પૂર્વે વરદાનભૂમિ જેતપુરમાં શ્રી સહજાનંદ સ્વામી ઉદ્ધવસંપ્રદાયની ધુરા સંભાળીને પ્રત્યેક આશ્રિતોને અન્ન વસ્ત્ર અને આબરૂથી સુખી કરવાનો સંકલ્પ કર્યો હતો. આવા શ્રીહરી ગાદીસ્થાન જેતપુરના શાખાનગર નવાગઢમાં જૂનાગઢવાસી શ્રી રાધારમણદેવના તાબાનું કલાત્મક રમણીય નૂતન શ્રી સ્વામિનારયણ મંદિરનું નિર્માણ કાર્ય અ.નિ.સ.ગુ.કો.સ્વામિ હરીકૃષ્ણદાસજી સ્વામી (જેપુર ગાદીસ્થાન મંદિરના નિર્માતા)ના અતિકૃપાપાત્ર ગુરૂવર્ય વચનસિધ્ધ સંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મચરણદાસજીસ્વામીના શુભ સંકલ્પથી સંપન્ન થયું જેના પંદર વર્ષ પૂર્ણ થતા આગામી વિ.સં. ૨૦૭૯, ફાગણ સુદ-૫ તા.૨૪/૨/૨૦૨૩ શુકવારથી તા.૧૭/૩/૨૦૨૩ બુધવાર પયંત જૂનાગઢવાસી શ્રી રાધારમણદેવ-સિધ્ધેશ્વરમહાદેવની પૂર્ણ કૃપાથી શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ રાકેશપ્રસાદજી મહારાજની પાવન ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્યદિવ્યાતિદિવ્ય રીતે પંચદશાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવશે. જોગાનુજોગ આ મહોત્સવ અંતર્ગત જેતપુર મંદિર નિર્માતા દાદાગુરૂ અ.નિ.સ.ગુ.કો. સ્વામિ હરીકૃષ્ણદાસજી સ્વામિની ત્રેસઠમી તિરોધાન તિથિ ફાગણ સુદ-૬, તા.૨૫/૨/૨૦૨૩ શનિવારના રોજ ભાવવંદનારૂપે ભાવનાસભર ઉજવવામાં આવશે. આ સમગ્ર મહોત્સવના ઉપલક્ષ્યમાં પંચદિનાત્મક શ્રીમદ સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞનું પણ સુંદર આયોજન કરવામાં આવેલ છે જેના વકતાપદે ગઢપુરના શાસ્ત્રી સ્વામી હરીઊૅં પ્રકાશદાસજી (સંસ્કૃત પાઠશાળા-વડતાલ) વ્યાસાસને બિરાજી પોતાની આગવી સુમધુર શૈલીમાં સંગીતની સુરાવલી સાથે કથામૃતનું રસપાન કરાવશે. આ મહોત્સવના અંગભૂત ત્રિદિવનાત્મક મહાવિષ્ણુયાગ તેમજ યોગસમ્રાટ ગુરૂદેવ ગોપાળનંદસ્વામી રચિત મહાપ્રતાપી બીજમંત્રનું અનુષ્ઠાન, અખંડધુન, સંહિતાપાઠ વાંચન, વ્યાખ્યાનમાળા, દારસભા, પ્રવચનમાળા જેવા અનેક ધાર્મિક આયોજન સહ સર્વરોગ નિદાન કેમ્પ રકતદાન શિબિર જેવા આરોગ્યલક્ષી વિવિધ આયોજનોની સાથે સાથે વૃધ્ધાશ્રમ, અનાથાશ્રમ, હોસ્પીટલમાં દર્દીને ભોજનદાન જેવા અનેકવિધ સામાજીક કાર્યક્રમસભર મહોત્સવના પ્રત્યક્ષ સાક્ષી બનાવા કો.સ્વા. હરીપ્રસાદદાસજી તથા કો. શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજી અને સમસ્ત સત્સંગ સમાજ નવાગઢ દ્વારા સહ પરીવાર ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

ભવનાથ મેળામાં જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્રણ દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ભાવિકો ભજન, લોકસાહિત્ય,હુડોરાસ માણશે

જૂનાગઢ, તા.૧૧

ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમાન શિવરાત્રીના લોકમેળામાં જૂનાગઢ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

તારીખ ૧૫ ફેબ્રુઆરીના રોજ લોકસાહિત્યકાર શ્રી અમુદાનભાઈ ગઢવી, હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળા, લોકગાયિકા મંજુલાબેન ગૌસ્વામી, લોકગાયક મિતુલભાઈ જીલડીયા, તા.૧૬ ફેબ્રુઆરીના રોજ સરસ્વતી લોકસંગીત અને નૃત્ય કલાવૃંદ(શારદાબેન બારોટ) દ્વારા હુડો રાસ, લોકસાહિત્યકાર શિવરાજભાઈ વાળા, લોક ગાયક હેતલબેન વાઢીયા, ભજનીક નરેશભાઈ રાવલ, લોક ગાયક સાગરભાઈ કાચા, લોકગાયક શ્રી જયદીપભાઈ ગઢવી, તા.૧૭ ના રોજ કથક નૃત્યજશોદાબેન પટેલ નૃત્યાલય એકેડેમી, અમદાવાદ, લોકસાહિત્યકાર રાજભા ગઢવી, ભજનીક દિવ્યેશભાઈ જેઠવા, લોકસાહિત્યકાર જીતુભાઈ દાદ, પાશ્ચ ગાયક દિપકભાઈ જોશી દ્વારા લોક સાહિત્યની વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવશે. ભવનાથ ખાતે મંગલનાથ બાપુની જગ્યા સામે વિશાળ સ્ટેજ પર જિલ્લા તંત્ર દ્વારા આ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

વંથલીના સેંદરડા ગામે રાત્રીસભામાં ૧૪ પ્રશ્નોનું નિરાકરણ કરાયું

જૂનાગઢ, તા.૧૧

વંથલીના સેંદરડા ગામમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી શાંતાબેન કટારીયાની ઉપસ્થિતિમાં રાત્રી સભા યોજય હતી જેમાં ગ્રામસેનોએ રજૂકરેલા ૧૪ જેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામજનોનાં પ્રશ્નો સાંભળ્યા હતા. સાથે જ પ્રજાકીય સેવાઓને વધુ નાગરિક કેન્દ્રી બનાવવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત રાજય સરકારની શિક્ષણ, કૃષિ, સામાજિક સુરક્ષા સહિતના વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવામાં આવી હતી. આ સાથે જિલ્લા વહીવટી તંત્રની પિંક કાર્ડ, ગ્રેકાર્ડ, પ્રોજેક્ટ આશીર્વાદ વગેરેની પણ જાણકારી આપવામાં આવી હતી.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગીરગઢડા-પ્રાંચી ખાતે સિંચાઈ કામોની સમીક્ષા કરી

પ્રગતિ હેઠળના કામો સમયસર પૂર્ણ થાય તે અંગે ખાસ તકેદારી રાખવા કર્યા સૂચનો

વેરાવળ, તા.૧૧

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ ગીર સોમનાથ જિલ્લાની મુલાકાત દરમ્યાન ગીરગઢડા અને પ્રાંચી ખાતે વિવિધ સિંચાઈ કાર્યોની સમીક્ષા કરી હતી. મંત્રીએ ગીર ગઢડા ખાતે મચ્છુંદ્રી સિંચાઈ યોજનાની ડેમ સાઈટ ઉપર મુલાકાત લીધી હતી. આ ક્ષણે ઉપસ્થિત ઉના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા મંત્રીનું સ્વાગત કરવામાં આવ્યુંહતું. મંત્રીએ પીછવીનાની સિંચાઈ યોજના તેમજ પ્રાંચી ખાતે પાણી પુરવઠા જૂથ યોજના-૧ અને ૨ની પણ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન મંત્રીએ કેનાલ લાઈનના કામ, માઈનોર કેનાલ અને સબ માઈનોર કેનાલમાં નવીનીકરણ, માળખાગત કામગીરી ગીરગઢડા અને ઉના તાલુકામાં ચેકડેમ બનાવવા, સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત વધુ કામો કરવા વગેરે જેવી જિલ્લા પંચાયત સદસ્યની રજૂઆતોને સાંભળી હતી અને તમામ કામો અંગે ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી મહત્વની બાબતો તરફ ધ્યાન દોર્યું હતું તેમજ પ્રગતિ હેઠળના કામો સમયસર અને આયોજનબદ્ધ રીતે પૂરા કરવા ખાસ સૂચના આપી હતી.

ગીરગઢડા ઉપરાંત મંત્રીશ્રીએ વેરાવળ તાલુકાના પ્રાંચી પાણી પુરવઠા જૂથ યોજના-૧ અને ૨ની પણ મુલાકાત લઈ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પાણીના પૂરવઠા અંગેની વિગતો અને વિતરણ આયોજન અંગે માહિતી પણ મેળવી હતી. મંત્રીની મુલાકાત દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી રાહુલ ગમારા, મામલતદાર ગીરગઢડા વી.ડી.રથવી, ગીર સોમનાથ સિંચાઈ વિભાગ કાર્યપાલક ઈજનેર(રાજય) એ.પી કલસરિયા, કાર્યપાલક ઈજનેર પંચાયત(સિંચાઈ) એસ. એલ. રાઠોડ, મચ્છુન્દ્રી ડેમ નાયબ કાર્યપાલક ઈજનેર જે.જે પટેલ તેમજ પાણી પુરવઠા અને જળસિંચાઈના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપરાંત ગ્રામ્યજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ જૂનાગઢ દ્વારા કર્તવ્ય બોધ કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૧૧

ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સએન્ડ હોમ સાયન્સ કોલેજ જૂનાગઢ ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ (ઉચ્ચ શિક્ષા સંવર્ગ) જૂનાગઢ દ્વારા 'કર્તવ્ય બોધ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો આરંભ દેશ હંમે દેતા હૈ સબ કુછ ,હમ ભી કુછ દેના શીખે' ગાનથી થયો ત્યારબાદ કોલેજના આચાર્ય અને અખિલ ભારતીય શૈક્ષિક સંઘ,ગુજરાતના ઉપાધ્યક્ષ ડો.બલરામ ચાવડાએ ઉપસ્થિત સહુ મહેમાનો ને શબ્દોથી આવકારી માનવ જીવનમાં કર્તવ્ય બોધની અગત્યતા મૂકી સમગ્ર કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી કાર્યક્રમને યોગ્ય રીતે વિદ્યાર્થીઓના માનસમાં બેસાડવાનો પ્રયત્ન કર્યો હતો. ખાસ કરીને બે મહાન વ્યકિતઓ પૂ.સ્વામી વિવેકાનંદજી અને સુભાષચંદ્ર બોઝના જીવન કાર્યને સાંકળી વિદ્યાર્થીઓને કર્તવ્ય બોધ અંગે શૈક્ષિક સંઘના જીતુભાઈ ખુમાણ અને મંત્રી જયદેવભાઈ શીશાંગીયાએ પોતાની લાક્ષણિક શૈલીમાં રસપ્રદ રીતે કર્તવ્ય બોધ અંગે અવગત કરાવી સૌને કર્તવ્ય નિભાવવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બંને વકતાઓનું 'કુટુંબ પ્રબોધન ગ્રંથ દ્વારા અભિવાદન કરવામાં આવ્યુંહતું. આ કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો. ડો. કૌશિકરાય પંડ્યાએ કરી પ્રસંગને દીપાવ્યો હતો. આ કાર્યકમમાં સ્થાનિક કોલેજોના અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થી બહેનોબહોળી સંખ્યામાં જોડાયા હતા. રાષ્ટ્રહિતના કાર્યકમો યોજવા માટે ગુજરાત પ્રાંત અધ્યક્ષ રોહિતભાઈ દેસાઈ અને પ્રજ્ઞેશભાઈ શાહે સહુને અભિનંદન પાઠવ્યા હતા.

જૂનાગઢ જીલ્લા રોજગાર વિનિમય કચેરી દીવાન ચોક ખાતે તા.૧૩ના ભરતી મેળો યોજાશે

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઇચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર જિલ્લાનાં ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ શ્રીદ કેશવ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. જૂનાગઢ ખાતે ખાતે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૩૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાનેઅનુરૂપ ૫૦ટકા ગુણ સાથે એચ.એસ.સી. અથવા ૫૦ ટકા ગુણ સાથે બી.કોમ શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઇચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી જૂનાગઢ રંગ મહેલ, દીવાન ચોક ખાતે તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે.

પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઇચ્છુકોએશૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે.અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર login કરીને પોર્ટલ ઉપર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના કોલસેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ખંભાળિયામાં આવતીકાલે નેત્ર કેમ્પ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ખંભાળિયાની સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલ ખાતે આવતીકાલ રવિવાર તા. ૧૨ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શિવાનંદ મિશન- વીરનગરની પ્રખ્યાત આંખની હોસ્પિટલના ડોકટરો અને ટેકનિશિયનો તેઓની સેવા આપશે. દર્દીઓને સ્થળ ઉપર તપાસી દવા તથા સારવાર આપવામાં આવશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને આજ દિવસે બસ દ્વારા વીરનગર લઈ જઈ બીજા દિવસે આધુનિક પદ્ધતિથી ઓપરેશન કરી, નેત્રમણી પણ મૂકી આપવામાં આવશે. બાદમાં ત્રીજા દિવસે અહીં પરત લઈ આવવામાં આવશે. આ કેમ્પનો વિશાળ પ્રમાણમાં લાભ લેવા ખંભાળિયા શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

દ્વારકાધીશ મંદિર ખાતે ફુલડોલ ઉત્સવ યોજાશે

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૧

ફુલડોલ ઉત્સવની પૂર્વ તૈયારીના ભાગરૂપે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. દ્વારકાધીશ મંદિર, દ્વારકા ખાતે હોળીના તહેવાર દરમ્યાન ફૂલડોલ ઉત્સવ યોજાશે. ત્યારે ફૂલડોલ ઉત્સવના સુચારૂ આયોજન અંગે જિલ્લા કલેકટર એમ. એ.પંડ્યાના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કલેકટર એમ. એ.પંડ્યાએ જણાવ્યું હતું કે, હોળીના તહેવાર પર બહોળી સંખ્યામાં યાત્રિકો/ પદ યાત્રિકો દ્વારકા મંદિર ખાતે ભગવાનશ્રી દ્વારકાધીશના દર્શનાર્થે આવતા હોય છે. આ યાત્રિકોની સુરક્ષા, આરોગ્ય અને સલામતીનું ધ્યાન રાખવું જરૂરી છે. ફૂલડોલ ઉત્સવ અંગે વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી સુચના આપી સુચારૂ વ્યવસ્થા અંગેજણાવ્યું હતું. આ બેઠકમાં દ્વારકા પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયા, દ્વારકા ચીફ ઓફિસર, મામલતદાર, નગરપાલિકા પ્રમુખ જ્યોતિબેન સામાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિસાવદરના રતાંગમાં રાત્રીસભા યોજાઈ : ૧૯ પ્રશ્નોનું નિરાકરણ

જૂનાગઢ, તા.૧૧

વિસાવદર તાલુકાના રતન ગામમાં રાત્રીસ ભાઈ યોજાઈ હતી. જેમાં ગ્રામજનોએ રજૂ કરેલા ૧૯ જેટલા પ્રશ્નો નિરાકરણ કરવામાં આવ્યું હતું. આ રાત્રી સભામાં ગ્રામજનોએ રજૂ કરેલા પ્રશ્નોને જિલ્લા-તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓએ સાંભળ્યા હતા. સાથે જ પ્રજાકીય પ્રશ્નો ઉકેલવા માટે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ઉપરાંત રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને જિલ્લા વહીવટી તંત્રની પહેલરૂપ પિંક કાર્ડ, ગ્રે કાર્ડ, પ્રોજેક્ટ આશીર્વાદ વગેરેની પણ જાણકારી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના નિર્દેશ મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રજાકીય પ્રશ્નો ઉકેલવા માટે જિલ્લાભરમાં રાત્રીસભાઓ યોજવામાં આવી રહી છે.

સીનીયર સીટીઝન મંડળની માસિક મીટીંગ ૧૨ ફેબ્રુઆરીના મળશે

જૂનાગઢ, તા.૧૧

સીનીયર સીટીઝન્સ મંડળ જૂનાગઢના સભ્યોની ફેબ્રુઆરી-૨૦૨૩ના માસની માસિક મીટીંગ આવતીકાલ તા.૧૨/૨/૨૦૨૩ને રવિવારના રોજ સાંજના ૫:૩૦ કલાકે તક્ષશિલા વિદ્યાલય ડો.રાધાકૃષ્ણન હોલ બિલખા રોડ જૂનાગઢના સ્થળે મળશે. આ મીટીંગમાં મંડળના સભ્યોએ વર્ષ ૨૦૨૨-૨૩નું મીટીંગ અનુદાન કાર્ડ અને આઈકાર્ડ સાથે રાખીને હાજર રહેવા જણાવવામાં આવે છે.

ખંભાળિયામાં પૂજ્ય શ્રી ધણી માતંગ દેવની ૧૨૭૦ મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

સમસ્ત મહેશ્વરી સમાજના પૂજનીય શ્રી ધણી માતંગદેવની જન્મ જયંતી નિમિત્તે ગઈકાલે ગુરૂવારે અહીંના શ્રી મહેશ્વરી યુવા ગ્રુપ દ્વારા એક ભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ બુધવારે રાત્રે જ્ઞાન કંથનનું આયોજન અહીંના શક્તિનગર વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે ગઈકાલે ગુરૂવારે સવારે ભવ્ય શોભાયાત્રા તેમજ બપોરે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યુંહતું. પૂજ્ય ધણી માતંગદેવની આ શોભાયાત્રા વાજતે ગાજતે અહીંના શક્તિનગર વિસ્તારમાંથી શરૂ થઈને જોધપુર ગેઈટ, નગર ગેઈટ, મિલન ચાર રસ્તા, ગોવિંદ તળાવ બાદ શક્તિનગર ખાતે સંપન્ન થઈ હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

સરકારી શાળામાં શિક્ષણની ગુણવત્તા ઉપર ગંભીર સવાલ

હાલમાં જ એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (અસર), ૨૦૨૨ જારી થયો. સરકારી સ્કૂલોમાં એડમિશનની ટકાવારીમાં થયેલા મામૂલી વધારાની વાત છોડી દઈએ તો આ વખતે પણ પરિસ્થિતિઓમાં કંઈ ભારે બદલાવ નથી આવ્યો. રિપોર્ટમાં ધ્યાન આપવા જેવી મહત્ત્વની વાત સરકારી અને બિનસરકારી સ્કૂલોમાં થનારા એડમિશન અને વિભિન્ન ધોરણોમાં ભણનારા છાત્રોના શીખવાનાં પરિણામ (લર્નિંગ આઉટકમ) જ હોય છે. રિપોર્ટથી એ સ્પષ્ટ થાય છે કે છાત્રોના શીખવાના પરિણામ મામલે સરકારી સ્કૂલો હજુ પણ ખાનગી સ્કૂલો કરતાં પાછળ છે. રિપોર્ટમાં સરકારી સ્કૂલોમાં ભણનારા ત્રીજા ધોરણના ૮૩.૭ ટકા છાત્રો બીજા ધોરણનું પુસ્તક વાંચવામાં સક્ષમ ન જોવા મળ્યા, જ્યારે ખાનગી સ્કૂલોમાં ભણતા ૬૭ ટકા વિદ્યાર્થીઓ એવું કરવામાં સક્ષમ ન હતા. એવી જ રીતે પાંચમા અને આઠમા ધોરણના વિદ્યાર્થીઓમાં પણ જોવા મળ્યું. સરકારી અને ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓના ગણિતના પ્રશ્નો હલ કરવાની યોગ્યતામાં પણ મહત્ત્વપૂર્ણ અંતર જોવા મળ્યું છે.

આવું કેમ છે? એ પણ ત્યારે, જ્યારે સરકારી સ્કૂલોના શિક્ષકો ખાનગી સ્કૂલોના શિક્ષકોની તુલનામાં વધુ શિક્ષિત અને વધુ યોગ્ય હોય છે. તે ઉપરાંત સરકારી સ્કૂલોના શિક્ષકોની ભરતી પણ ઉચ્ચ માપદંડો અનુસાર થાય છે. આ પ્રશ્નનો જવાબ સરકારી શિક્ષણ ક્ષેત્રના અલગ-અલગ હિતધારકો જેમ કે વિદ્યાર્થી, વાલી, શિક્ષક અને શિક્ષણ વિભાગના અધિકારી અલગ-અલગ આપશે. વિદ્યાર્થીઓનો જવાબ હશે કે શિક્ષકો ગેરહાજર રહે છે અથવા વર્ગમાં પાઠ સારી રીતે સમજાવી નથી શકતા. વાલીઓ વિદ્યાર્થી અને શિક્ષક બંનેની લાપરવાહી ગણાવશે, ત્યાં જ શિક્ષકો શિક્ષણ કાર્ય ઉપરાંત મધ્યાહ્ન ભોજન વ્યવસ્થા, જનગણના કાર્ય, ચૂંટણી ડ્યૂટી વગેરે અન્ય જવાબદારીઓનો ભાર હોવાનો હવાલો આપશે. શિક્ષણ વિભાગના અધિકારી સરકારી શાળાઓમાં ભણનારા મોટાભાગના વિદ્યાર્થીઓની કમજોર આર્થિક સ્થિતિ અને તેમના વાલીઓની કમજોર શૈક્ષણિક પૃષ્ઠભૂમિનો હવાલો આપશે. તેમનો ગોખેલો જવાબ હશે કે તેમની શાળાઓમાં ભણતા મોટાભાગના વિદ્યાર્થીઓના અશિક્ષિત પરિજનો વિદ્યાર્થીઓને ગૃહકાર્ય કરવામાં સહાયતા નથી કરી શકતા, તેથી તેમનું પ્રદર્શન અપેક્ષાને અનુરૂપ નથી રહેતું. નિષ્કર્ષ એ છે કે ખરાબ શૈક્ષણિક પ્રદર્શન માટે બધા એકબીજાને દોષીત ઠેરવતાં હાથ ઊંચા કરી દેતા જોવા મળશે. કેટલાક શિક્ષણવિદો સમસ્યાના સમાધાન માટે કાર્યરત શિક્ષકોને કેટલાય પ્રકારનું પ્રશિક્ષણ લેવાની સલાહ આપતા દેખાશે.

આ તરફ મોટી ખાનગી સ્કૂલો બાદ કરી દઈએ તો મોટાભાગની નાની ખાનગી સ્કૂલોમાં શિક્ષકો માટે ઉચ્ચ ડિગ્રીધારી અને પ્રશિક્ષિત હોવું અનિવાર્ય શરત નથી હોતી. નાની સ્કૂલોમાં જ્યાં મોટાભાગના શિક્ષક સામાન્ય સ્નાતક અથવા પરાસ્નાતક હોય છે, જ્યારે મોટાભાગના વિદ્યાર્થી પણ સરકારી સ્કૂલો સમાન ગરીબ ઘરોના જ હોય છે, જેમના વાલીઓ સામાન્ય રીતે અશિક્ષિત હોય છે. તેમ છતાં સરકારી અને ખાનગી સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓના શીખવાના પરિણામમાં આ અંતર કેમ દેખાય છે? તેના કેટલાય જવાબોમાંથી એક એ છે કે એવી સ્કૂલોના સંચાલકો પાસે શિક્ષકોની નિયુક્તિ અને તેમને ફરજમુક્ત કરવાના અધિકાર હોય છે, તેના પરિણામે શિક્ષકો વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રત્યે વધુ જવાબદાર બને છે. ખાનગી સ્કૂલોમાં વાલીઓ ઊંચી ફી ચૂકવે છે અને બાળકોનું પ્રદર્શન અપેક્ષા અનુરૂપ ન હોય તો સ્કૂલ બદલવાનો વિકલ્પ પણ તેમની પાસે રહે છે, તેથી શાળા સંચાલક પરિણામને લઈને વધુ ગંભીર હોય છે. તે ઉપરાંત મોટાભાગના સ્કૂલ સંચાલક ખુદ પ્રિન્સિપાલ અને પ્રબંધક પણ હોય છે, તેથી અન્ય કાર્યરત શિક્ષકોની લેટલતીફી અને વર્ગમાં ગેરહાજરી પર તેમની નજર હોય છે. શિક્ષક નિયમિત રૂપે ક્લાસ લે છે, ગૃહકાર્ય આપે છે અને તેમને તપાસીને ભૂલોમાં સુધાર કરાવે છે. શિક્ષકોનો પગાર વધારો અને પ્રમોશન પણ તેમના વર્ગના વિદ્યાર્થીઓના પ્રદર્શનને આધારે થાય છે. વિદ્યાર્થીઓનું પ્રદર્શન આશા અનુરૂપ ન હોય તો સ્કૂલ સંચાલક પાસે શિક્ષકને ફરજમુક્ત કરવાનો વિકલ્પ હંમેશાં ઉપલબ્ધ રહે છે, જે તેમને વધુ જવાબદાર બનાવે છે.

એનાથી વિપરીત સરકારી શાળાના શિક્ષકોની જવાબદારી વિદ્યાર્થી-વાલીઓ કે શાળાના પ્રિન્સિપાલ તરફે હોવાને બદલે શિક્ષણ વિભાગના અધિકારીઓ પ્રત્યે વધુ હોય છે. સરકારી શાળાના પ્રિન્સિપાલ પાસે શિક્ષકોની નિયુક્તિ અને તેમને કાઢી મૂકવાના અધિકાર નથી હોતા અને શિક્ષકોના પ્રમોશન અને પગાર વધારો પણ નિયત સમયે થઈ જાય છે, તેથી તેમની પાસે વધુ મહેનત કરવાનું પ્રોત્સાહન તુલનાત્મક રીતે ઓછું હોય છે. ભારે ભૂલની દશામાં પણ નોકરીમાંથી કાઢી મૂકાવાને બદલે ટ્રાન્સફરથી જ કામ ચાલી જવાની સ્થિતિ તેમને વધુ બેદરકાર બનાવે છે. એકંદરે 'હાયર એન્ડ ફાયર'નો અધિકાર એક એવું ઉપકરણ છે, જે ખાનગી અને સરકારી સ્કૂલોના વિદ્યાર્થીઓના શીખવાના પરિણામમાં ખાસ્સો ફરક પાડી દે છે. સ્પષ્ટ છે કે સરકારોએ પોતાની સ્કૂલોમાં જવાબદારી એ પારદર્શિતા માટે પ્રયાસ કરવા જોઈએ, જેનાથી ત્યાં શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય.

સર્વાઈકલ કેન્સરની રસી આ મહિનાથી જ માર્કેટમાં મળતી થઈ જશે?..શું હશે કિંમત?..જાણો

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૧૦

કેન્સર એક એવી બીમારી છે જેનું નામ સાંભળીને જ લોકોનું મન બેસી જાય છે. ડોક્ટરો પણ આ બીમારીની વાત થાય ત્યારે બચવાની શકયતાઓની ગણતરીની વાત કરતા હોય છે. મેડિકલ સાયન્સ પણ આ બીમારીની વાત આવે ત્યારે બચવાના ચાન્સ ઓછા હોવાની તરફ ઈશારો કરતું હોય છે. આવી સ્થિતિમાં એક આશાની કિરણ ચમકી રહી છે અને એનું નામ છે સર્વાઈકલ કેન્સરની રસી. આવતા મહિનાથી સર્વાઈકલ કેન્સરની રસી માર્કેટમાં મળતી થઈ જશે. હાલમાં વિદેશમાં બનતી સર્વાઈકલ કેન્સરની રસી દેશમાં ઉપલબ્ધ છે. અમેરિકન કંપની મર્કની HPV રસીની કિંમત લગભગ ૧૦ હજાર રૂપિયા છે. સર્વાઈકલ કેન્સર માટેની સીરમ ઈન્સ્ટિટ્યૂટની રસી આ મહિનાથી બજારમાં આવી જશે. આ રસી CERVAVAC નામથી બજારમાં ઉપલબ્ધ થશે અને તેના એક ડોઝની કિંમત લગભગ બે હજાર રૂપિયા હશે. ભારતમાં બનેલી આ પ્રથમ માનવ પેપિલોમા વાયરસ રસી છે, જે ૨૪ જાન્યુઆરીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ અદાર પૂનાવાલાની હાજરીમાં લોન્ચ કરવામાં આવી હતી. હાલમાં વિદેશમાં બનેલી સર્વાઈકલ કેન્સરની રસી દેશમાં ઉપલબ્ધ છે. અમેરિકન કંપની મર્કની HPV રસીની કિંમત લગભગ ૧૦ હજાર રૂપિયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય ઈમ્યુનાઈઝેશન શેડ્યૂલમાં HPV રસીનો સમાવેશ કરવા પર વિચાર કરી રહ્યું છે, જે અંતર્ગત ૯-૧૪ વર્ષની છોકરીઓને આ રસી આપવામાં આવશે. આ માટે સરકાર એપ્રિલમાં ટેન્ડર બહાર પાડી શકે છે. વિશ્વની કુલ મહિલાઓની વસ્તીના ૧૬ ટકા ભારતમાં રહે છે, પરંતુ અહીં સર્વાઈકલ કેન્સરથી મૃત્યુ પામેલી મહિલાઓની સંખ્યા કુલ મૃત્યુના ત્રીજા ભાગની છે. આંકડા મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ ૮૦,૦૦૦ મહિલાઓ સર્વાઈકલ કેન્સરથી પ્રભાવિત થાય છે અને તેમાંથી ૩૫,૦૦૦ મૃત્યુ પામે છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સરકારી અને નિયમનકારી બાબતોના નિર્દેશક પ્રકાશ કુમાર સિંહે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયને પત્ર લખીને માહિતી આપી છે કે ખાનગી બજારમાં સર્વાઈકલ કેન્સરની આ રસીની કિંમત પ્રતિ ડોઝ ૨૦૦૦ રૂપિયા હશે. આ રસીના બે ડોઝ હશે જે બજારમાં ઉપલબ્ધ અન્ય સર્વાઈકલ કેન્સરની રસીઓ કરતા ઘણા ઓછા છે.

કોફીનો શોખ એક કપલને ખૂબ મોંઘો પડ્યો

બે કપ કોફીના ક્રેડિટ કાર્ડમાંથી સાડા ત્રણ લાખ રૂપિયા કપાયા

બે કપ કોફીનું આટલું મોટું બિલ જોઈને જેસી અને ઓડેલ હેરાન અને તેમણે સ્ટારબક્સના મેનેજર સાથે સંપર્ક કર્યો

વોશિંગ્ટન, તા.૧૧

કોફીનોશોખ એક કપલને ખૂબ મોંઘો પડ્યો. તેમના ખાતામાંથી સાડા ત્રણ લાખ રૂપિયાથી વધુ કપાઈ ગયા. તેમણે રેસ્ટોરન્ટમાં માત્ર બે કપ કોફી ઓર્ડર કરી હતી અને તેનુ પેમેન્ટ પોતાના ક્રેડિટ કાર્ડથી કર્યુ હતુ પરંતુ જ્યારે બાદમાં કાર્ડની વિગતો ચેક કરી તો કપલના હોશ ઉડી ગયા. રિપોર્ટ અનુસાર જેસી અને ઓડેલ અમેરિકાના સ્ટારબક્સમાં કોફી પીવા માટે ગયા હતા.

બે કપ કોફી પીધા બાદ તેમણે ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ બાદ તેઓ ઘરે આવી ગયા હતા પરંતુ થોડા સમય બાદ જ્યારે કપલ શોપિંગ માટે એક સ્ટોરમાં ગયુ અને ત્યાં બિલની ચૂકવણી કરવાનો વારો આવ્યો તો તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. તેમના ક્રેડિટ કાર્ડમાં બેલેન્સ જ બચ્યુ નહોતુ. તપાસ કરી તો સ્ટારબક્સમાં તેમના કાર્ડથી ૩ લાખ ૬૭ હજાર રૂપિયાનું પેમેન્ટ થયુ હતુ. બે કપ કોફીનું આટલુ મોટુ બિલ જોઈને જેસી અને ઓડેલ હેરાન રહી ગયા અને તેમણે સ્ટારબકસના મેનેજર સાથે સંપર્ક કર્યો.

સ્ટારબક્સના એક પ્રતિનિધિ અનુસાર કંપની આ મામલે અવગત છે અને તેનું માનવુ છે કે આ ઘટનામાં કોઈ વ્યક્તિથી ભૂલ થઈ હોઈ શકે છે. કંપનીએ બાદમાં એક્સ્ટ્રા લીધેલા રૂપિયા ચેકના માધ્યમથી કપલને પરત કર્યા પરંતુ કપલનું કહેવુ છે કે તે ચેક પણ બાઉન્સ થઈ ગયો. કંપનીએ જણાવ્યુ કે ટૂંક સમયમાં જ ગ્રાહકની સમસ્યાનું સમાધાન કરી દેવામાં આવશે.

"બોર" પકવતા ખેડૂતોને બજારમાં પૂરતા પ્રમાણમાં ભાવ ન મળતા મુશ્કેલીઓમાં આવ્યા

ભાવનગર,તા.૧૧

ભાવનગર જિલ્લામાં આજે અનેક પ્રકારની ખેત ફસલો પોષણક્ષમ ભાવોના અભાવે ખેડૂતો વેચવા મજબૂર બન્યાં છે. હાલમાં ડુંગળીના પુરતા ભાવને લઈને ખેડૂતોએ કાગારોળ મચાવી જ રહ્યાં છે ત્યાં જિલ્લામાં બોરની ખેતી કરતાં બાગાયત ખેડૂતો પણ પુરતા ભાવ ન મળતાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. સમગ્ર રાજ્યમાં આજે રોકડીયા પાકોથી લઈને બાગાયત ખેત ફસલોના તળીયે ગયેલા ભાવથી નાસીપાસ થઈ રહ્યાં છે. ભાવનગર જિલ્લામાં દર વર્ષે ડુંગળી, શાકભાજીથી લઈને ચિકુ, જમરૂખ, સિતાફળ, બોર સહિતના ફળફળાદિનું સાનુકૂળ હવામાન તથા પ્રમાણસરના વરસાદને લઈને બંમ્પર ઉત્પાદન થાય છે અને એજ સમયે રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ ફળફળાદિ પુષ્કળ પ્રમાણમાં વેચાણ માટે બજારોમાં ઢગલાબંધ પ્રમાણમાં ઠાલવાય છે જેને કારણે પુરતી ડિમાન્ડ કે એક્સપર્ટના અભાવે સિઝનમાં બાગાયત પાકના વેચાણને લઈને ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવે છે. ભાવનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં હાલ બોરનું ઉત્પાદન થઈ રહ્યું છે રાજાશાહી કાળથી વલભીપુર તાલુકાના અનેક ગામો સાથે સિહોર તાલુકાના ગામડાઓમાં ખેડૂતો પરંપરાગત રીતે બોરની ખેતી કરે છે હાલમાં દેશી એપ્પલ ચણી તથા કાશી બોરનું ઉત્પાદન થાય છે એક સમય એવો પણ હતો કે, ભાવનગરી બોરનુ વેચાણ પરપ્રાંત જ નહીં પરંતુ દેશ-વિદેશોમાં નિકાસ કરવામાં આવતા હતાં પરંતુ કાલાન્તરે ઉત્પાદનનો અભાવ અને હરિફો વધતા ભાવનગરી બોર વિસરાયા છે. હાલમાં વલભીપુર તાલુકાના ચોગઠ, ચમારડી, ઉમરાળા સહિતના પંથકમાં મબલખ પ્રમાણમાં બોર પાકે છે અને છેલ્લા પાંચ-સાત વર્ષથી આબાલવૃદ્ધને ઘેલું લગાડનાર બોરનુ પણ ઉત્પાદન થઈ રહ્યું છે આ બાગાયતી ખેત ફસલની સિઝન ત્રણથી ચાર માસ ચાલે છે પરંતુ છેલ્લા વર્ષોથી ખેડૂતો બોરની ખેતી પાછળ લખલૂંટ ખર્ચ કરતાં હોવા છતાં ખેડૂતોને મજૂરીના નાણાં પણ વેચાણ થયે પરીણામ નથી મળી રહ્યાં જેથી દિનપ્રતિદિન ખેડૂતો બાગાયતી ખેતીથી દૂર થઈ રહ્યાં છે.

એક ખેડૂતે જણાવ્યું હતું કે, બજારમાં બોર વેચાણ માટે જઈએ ત્યારે ૨૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાણ થાય છે વેપારીઓ ખેડૂતો પાસેથી મફતના ભાવે બોરની ખરીદી કરી રીટેઈલ માર્કેટમાં અઢળક નફો કમાઈ છે. આ બાબતને લઈને ખેડૂતો રોકડીયા પાક સાથોસાથ બાગાયત ખેત ફસલોના પણ ટેકાના ભાવ જાહેર કરે અને ભાવનગર જિલ્લામાં બાગાયત ખેત ફસલ પર નભતા ખેડૂતોને પ્રોત્સાહન આપે એવી પ્રબળ માંગ કરી રહ્યાં છે.

આર્થિક સંકટ સામે ઝઝૂમતા પાક. પર પેટ્રોલનું સંકટ

પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ઘણા પેટ્રોલ પંપમાં ઈંધણ ખાલી

પાકિસ્તાનના લાહોર, ગુજરાંવાલા અને ફેસલાબાદ જેવા મોટા શહેરોમાં સ્થિતિ સૌથી વધુ બદત્તર જોવા મળી રહી છે

લાહોર, તા.૧૧

પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મોટાભાગના પેટ્રોલ પંપોમાં પેટ્રોલ ખતમ થઈ ગયું છે, જેના કારણે રોજ-બરોજ આવન-જાવન કરતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ડૉનના અહેવાલો મુજબ દૂરના વિસ્તારોમાં ભયંકર પરિસ્થિ છે. અહીં એક મહિનાથી પેટ્રોલનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. સરકાર દ્વારા પર્યાપ્ત પુરવઠાની ખાતરી અપાઈ છે તેમજ સંગ્રહખોરો સામે કડક પગલાં લેવાની ધમકીઓ પણ અપાઈ છે, તેમ છતાં પંજાબમાં પેટ્રોલની અછત યથાવત્ છે.

બીજી તરફ પાકિસ્તાન પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન (પીપીડીએ)એ પુરવઠો પુરો પડાવામાં નિષ્ફળ રહેવા બદલ, પંપોને ખાલી છોડવા બદલ, ડ્રાઈવરોને શહેરી વિસ્તારોમાં ગેસ માટે જવાની ફરજ પાડવા તમામ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને જવાબદાર ઠેરવી છે.

ડૉનના અહેવાલો મજુબ અયોગ્ય અર્થવ્યવસ્થા તેમજ ઈંધણની અછત વચ્ચે પંજાબના મુખ્ય અને નાના શહેરોમાં ઘણા પેટ્રોલ પંટો બંધ કરી દેવાયા છે.

લાહોર, ગુજરાંવાલા અને ફેસલાબાદ જેવા મોટા શહેરોમાં સ્થિતિ સૌથી વધુ બદત્તર છે. આ પેટ્રોલ પંપો ઓઈલ માર્કેટિંગ કંપનીના દબાણના કારણે નજીવા પુરવઠાના કારણે ચાલી રહ્યા હોવાનું કહેવાય છે.

પાકિસ્તાન પેટ્રોલિયમ ડિલર્સ એસોસિએશનના માહિતી સચિવ ખ્વાજા આતિફે ડૉનને જણાવ્યું કે, લાહોરમાં કુલ ૪૫૦ પેટ્રોલ પંપોમાંથી ૭૦ કોરાધાકોર છે. પેટ્રોલની અછતના કારણે શાહદરા, વાઘા, લિટન રોડ અને જૈન મંદારમાં પેટ્રોલ પંપો બંધ છે.

સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ પાકિસ્તાનના ઘણા શેહરોમાં પેટ્રોલના પુરવઠો ખોરવાયો છે. મોટાભાગના ગેસ સ્ટેશન બંધ હાલતમાં છે, કેટલાક પેટ્રોલ પંપો પર આંશિક માત્રામાં પેટ્રોલ પુરુ પડાઈ રહ્યું છે. આ પેટ્રોલ પંપો પર કારો અને બાઈકોની લાંબી કતારો જોવા મળી રહી છે. પાકિસ્તાનની ઓઈલ કંપનીઓ ગંભીર આર્થિક સંકટ અને ચલણના અવમૂલ્યનને કારણે પડી ભાંગવાની સ્થિતિએ પહોંચી ગઈ છે. દરમિયાન પાકિસ્તાનમાં પેટ્રોલનો પ્રતિ લીટર ભાવ ૨૪૯.૮ અને ડિઝલનો પ્રતિ લીટર ભાવ ૨૬૨.૮ પર પહોંચતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે એકલો ખાય તે દરિદ્ર થાય છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.શહેરેવર-૧૩૯૨, મુ. રજ્જબ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, મહા વદ-૫, તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૩, શનિવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૧૯, ચિત્રા નક્ષત્ર, શૂળ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૨૮, સૂ.અ.૬:૪૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), બપોરે ૧:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ :	વિરોધીઓનેકારણેકાર્યમાં રૂકાવટ આવે. આરોગ્ય અંગેસાવચેતીરાખવી.
વૃષભ :	ધંધાકીય ક્ષેત્રે સફળતાની તક પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો આગળ વધે.
મિથુન :	ધીરજનાફળ મીઠા મળે. વાણી સંયમ જાળવવોહિતાવહ.
કર્ક :	જાહેરક્ષેત્રને લગતા કાર્યમાંસફળતા મળે. મન્ની મુરાદ પૂરી થાય.
સિંહ :	આર્થિક સમસ્યાનોઉકેલ મળે. કોર્ટ-કચેરીનેલગતા કાર્યોમાંસફળતા મળે.
કન્યા :	મન્ની મનમાંરહી જાય. વ્યર્થ ક્રોધઅનુભવાય.
તુલા :	પુરૂષાર્થથી શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. લાભની તક ઝાંપડે.
વૃશ્ચિક :	કૌટુંબિક પ્રશ્નો ઉંચવાય. કાર્યમાં અવરોધ થતોજણાય.
ધન :	વ્યર્થ વાદ-વિવાદનાભોગ બનવુંપડે. આર્થિક સમસ્યા રહે.
મકર :	અગત્યની મુલાકાત સફળ નીવડે. રોકાયેલા નાણાંછૂટા થાય.
કુંભ :	મન પ્રફુલિત રહે. કાર્યબોજમાંવધારોથાય.
મીન :	આર્થિક લાભની તક મળે. પરિશ્રમનુંશુભ ફળ પ્રાપ્ત કરી શકશો.

મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રીમ કોર્ટમાં આપ્યો આ જવાબ

(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૧૧

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સુપ્રીમ કોર્ટમાં કહ્યું કે, મહિલાઓ મસ્જિદમાં જમાત સાથે નમાઝ અદા કરી શકે છે. ઈસ્લામમાં મુસ્લિમ મહિલાઓને મસ્જિદમાં પ્રવેશવા પર કોઈ પ્રતિબંધ નથી. બીજી અરજીમાં મુસ્લિમ પર્સનલ લો બોર્ડે એફિડેવિટ દાખલ કરી છે. જણાવી દઈએ કે, મસ્જિદમાં મુસ્લિમ મહિલાઓની નમાઝ પઢવાને લઈને સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ અરજીમાં મુસ્લિમ મહિલાઓને મસ્જિદમાં પ્રવેશ માટે સૂચના આપવાની માંગ કરવામાં આવી હતી. ઈસ્લામિક સંદર્ભ આપતા બોર્ડે કહ્યું કે, મક્કામાં પવિત્ર કાબાની આસપાસની તમામ મસ્જિદોમાં પુરુષો અને સ્ત્રીઓને સાથે મળીને નમાઝ અદા કરવાની મંજૂરી નથી. મહિલાઓ અને પુરુષો એકસાથે નમાઝ પઢવા પર પ્રતિબંધ છે. પરંતુ આનો મતલબ એ નથી કે, મહિલાઓ મસ્જિદમાં નમાઝ પઢી શકતી નથી. મુસ્લિમ મહિલાઓ મસ્જિદમાં પ્રવેશ કરી શકે છે અને તેઓ નમાઝ પણ અદા કરી શકે છે. તેમાં મૂંઝવણમાં આવવા જેવું કંઈ નથી. મુસ્લિમ મહિલાઓ એ મસ્જિદોમાં નમાઝ અદા કરી શકે છે, જ્યાં તેમના માટે વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપલબ્ધ સુવિધા પર આધાર રાખે છે. મુસ્લિમ મહિલાઓએ કહ્યું છે કે, બોર્ડ દ્વારા આપવામાં આવેલ એફિડેવિટ વાજબી છે, તેઓ આ નિર્ણયને આવકારે છે. તેમણે કહ્યું કે, આ તે કટ્ટરવાદીઓનો જવાબ છે, જેઓ લાંબા સમયથી તેનો વિરોધ કરી રહ્યા છે. કેટલીક મુસ્લિમ મહિલાઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે કે, તેમને પણ મસ્જિદમાં નમાઝ પઢવાની છૂટ આપવામાં આવે. આ મામલાની સુનાવણી દરમિયાન મુસ્લિમ પર્સનલ લો બોર્ડે એફિડેવિટ દાખલ કરી છે.

ઇમ્પેક્ટ ફીના કાયદાના બહાને ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર કરવા સામે હાઇકોર્ટમાં રિટ

આવો કાયદો લાવવાથી ગેરકાયદેસરતા આચરીને કાયદાનો ખુલ્લેઆમ ભંગ કરનારને મોકળું મેદાન મળે છે જ્યારે કાયદાનું પાલન કરનારને નુકસાન થાય છે તેવી કરાઇ રજૂઆત : સરકાર સતત ત્રીજી વખત આવો કાયદો લાવી : ટાઉન પ્લાનિંગ ખોરવાઇ જતું હોવાની અને લોકોની સલામતી જોખમાતી હોવાના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા

અમદાવાદ તા.૧૧

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ ઓર્ડિનન્સ, ૨૦૨૨ કે જે ઈમ્પેક્ટ ફીના કાયદા તરીકે ઓળખાય છે તેની બંધારણીય માન્યતાને પડકારતી અરજી ઉપર રાજ્ય સરકારને નોટિસ જારી કરી હતી. આ કાયદો ગત વર્ષે રજૂ કરાયો હતો અને સતત ત્રીજી વખત આ કાયદો ગેરકાયદેસર બાંધકામોને નિયમત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, શહેરમાં બહુમાળી ઈમારતો, હોસ્પિટલો, શાળાઓ સહિતની ઈમારતોમાં ફાયર સેફ્ટી સુવિધાઓનો અભાવ હોવાના કારણે જાહેર હિતની અરજીઓ વર્ષ ૨૦૦૦થી થઈ છે. આ અરજીની સુનાવણી દરમ્યાન અવાર નવાર ગેરકાયદેસર બાંધકામો અને મૂળ પ્લાનનો ભંગ કરીને વધારાનું બાંધકામ કરવાનો મુદ્દો ઉપસ્થિત થાય છે. આથી હાઈકોર્ટ દ્વારા પગલા લેવાની વાત આવે ત્યારે સરકાર આવો કાયદો લાવીને ગેરકાયદેસર બાંધકામો નિયમિત કરતી હોય છે. આ અગાઉ પણ સરકાર દ્વારા બે વખત આવો કાયદો લાવવામાં આવ્યો હતો અને છેલ્લા વીસ વર્ષમાં ત્રણ વાર આવા કાયદા લાવીને ગેરકાયદેસર બાંધકામો નિયમિત કરવાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો.

વડોદરામાં રહેણાંક વસાહત પ્રથમ એક્લેવના એક રહેવાસી દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં તેના રહેણાંકની નજીકમાં બાંધકામ કાયદાઓના નિયમોનું ઉલ્લંઘન કરીને હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાથી તેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ડૉક્ટરે નવા ઈમ્પેક્ટ ફી કાયદા હેઠળ બિલ્ડિંગને નિયમિત કરવા માટે અરજી કરી હોઈ શકે છે, જે બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે.

અરજદારે ત્રીજા ઈમ્પેક્ટ ફી કાયદાના ઉદ્દેશ્ય સામે વાંધો ઉઠાવ્યો છે જે કહે છે કે અગાઉના બે કાયદાએ ઈચ્છિત પરિણામો આપ્યા નથી અને ઘણી ઈમારતો નિયમિત થઈ નથી અને તેથી બિલ્ડિંગ યુઝ (BU) પરવાનગી વિના રહી ગઈ છે. તેમની અરજી જણાવે છે કે આટલી બધી ઈમારતોને તોડી પાડવાથી કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાશે અને સમાજના સામાજિક અને આર્થિક માળખાને ખલેલ પહોંચશે.

ઈમ્પેક્ટ ફી કાયદાને ટેકનિકલતાના આધારે ગેરબંધારણીય ગણાવવા ઉપરાંત રાષ્ટ્રપતિની સંમતિ મળી નથી, અરજદારે દલીલ કરી હતી કે ગેરકાયદેસર બાંધકામોના નિયમિતકરણથી હાલના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધારાનો બોજ પડશે અને આ આયોજનની વિભાવનાની વિરૂદ્ધ છે. અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, નવા કાયદાના આધારે ટાઉન પ્લાનિંગનું સમગ્ર આયોજન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. કાયદાનું પાલન કરનારાઓ પીડિત છે જ્યારે કાયદો તોડનારને આ કાયદા દ્વારા ફાયદો થાય છે. આ બધું

શહેરમી આયોજન અને યોગ્ય જીવન જીવવાના અધિકારના ભાગે કરવામાં આવ્યું છે. નાગરિકોના અધિકારોને છીનવી શકાય નહી. જેઓ કાયદાનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે છે તેમના રક્ષણના બહાને આ કાયદા દ્વારા ગેરકાયદેસરતાને નિયમિત કરવાથી સલામતીના મુદ્દાઓ પણ ઉભા થશે. લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આ બંધારણની કલમ ૧૪ અને ૨૧નું ઉલ્લંઘન છે.

વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે સત્તાવાળાઓએ રાજ્યભરમાં ગેરકાયદેસર બાંધકામોના નિયમિતકરણથી પર્યાવરણ, ઈકોલોજી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર શું અસર પડશે તેનું મૂલ્યાંકન કરવા માટે કોઈ સર્વે હાથ ધર્યો નથી. સત્તાધિકારીઓની નિષ્ક્રિયતા અને અવગણનાને કારણે ગેરકાયદેસર બાંધકામોના કિસ્સાઓ વધે છે અને નિયમ તોડનારાઓ, બિલ્ડરો અને ડેવલપર્સ ઈરાદાપૂર્વક અને સ્પષ્ટપણે કોર્ટ દ્વારા જારી કરાયેલા કાયદાઓ અને આદેશોનો અવગણના કરવાનું ચાલુ રાખે છે. આ બાબતે પ્રાથમિક સુનાવણી બાદ ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ આશુતોષ શાસ્ત્રીની ખંડપીઠે રાજ્ય સરકારને નોટિસ જારી કરીને ૧૦ એપ્રિલ સુધીમાં સરકારનો જવાબ માંગ્યો છે.

કંડલા બંદર ઉપર મેન્ગ્રુવનું નિકંદન નીકળી જાય તે રીતે બાંધકામને મંજૂરી આપવાના મુદ્દે હાઈકોર્ટની સરકારને નોટિસ

અમદાવાદ, તા.૧૧

કચ્છના કંડલા બંદર ઉપર પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા દીનદયાલ પોર્ટ ઓથોરિટીને આપવામાં આવેલી પર્યાવરણ મંજૂરીને પડકારતી પીઆઈએલ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. મંત્રાલય દ્વારા રેલવે લાઈન, રોડ અને બાર્જ જેટીના નિર્માણના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી હતી તેના કારણે સ્થાનિક પર્યાવરણ અને દરિયાઈ મેન્ગ્રુવનું નિકંદન નીકળી જશે તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવી નથી. આથી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ એ.જે. શાસ્ત્રીની ખંડપીઠે રાજ્ય સરકાર, પંડિત દિનદયાળ પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથિરીટી સહિતના પક્ષકારોને નોટિસ કાઢી હતી. અરજદાર સાલેમાન જાખરીયા અને અન્યોએ ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી અને કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬ અને ૨૦૨૦માં દીનદયાલ પોર્ટ ઓથોરિટીના બે પ્રોજેક્ટને આપવામાં આવેલી પર્યાવરણીય અને કોસ્ટલ રેગ્લુલેશન ઝોન (CRZ) મંજૂરીને પડકારી છે. હાલના બંદર વિસ્તારમાં સંકલિત સુવિધાઓના વિકાસ માટે પર્યાવરણીય અને CRZ મંજૂરી આપવામાં આવી હતી તેની સામે પ્રશ્ન ઉઠાવતા એવી રજૂઆત કરવામાં આવી હતી કે દીનદયાલ પોર્ટના પ્રોજેક્ટ્સ મેન્ગ્રુવ જંગલો ધરાવતી જમીન ઉપર હાથ ધરવાના છે જે CRZ હેઠળ CRZ-IA શ્રેણીમાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા તે મંજૂરી ખોટી કેટેગરી હેઠળ આપવામાં આવી છે અને વિસ્તાર ઈકોલોજીકલી સંવેદનશીલ હોવાથી તેની અંદર વિકાસલક્ષી પ્રવૃત્તિઓ મર્યાદિત છે. આથી આ મંજૂરી બાબતે ફેર વિચાર કરવો જોઈએ. પોર્ટ ઓથોરિટીએ જાણીજોઈને જ્યાં પ્રોજેક્ટ માટે CRZ મંજૂરી માંગવામાં આવી છે તે અમલમાં મૂકવાના છે એવા વિસ્તારોમાં મેન્ગ્રુવના વૃક્ષોની હાજરીને દબાવી દીધી છે. આમ યોગ્ય માહિતી નહી આપીને મંજૂરી મેળવવામાં આવી છે. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા નિર્ધારિત પ્રતિબંધોને ટાળવા માટે આમ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર અને ઓથોરિટી CRZ અને પર્યાવરણીય મંજૂરી અનુસાર જરૂરી યોગ્ય જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ ગઈ છે અને મેંગ્રોવની હાજરીની ચકાસણી કરી નથી. જો હાલમાં આપવામાં આવેલ સીઆરઝેડ ક્લિયરન્સ હેઠળ પ્રોજેક્ટ્સને આગળ વધવાની મંજૂરી આપવામાં આવે છે, તો તે ક્ષેત્રની ઈકોલોજી અને પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડશે.

MCD ચૂંટણી : નોમિનેટ સભ્યને વોટ આપવાની મંજૂરી આપવા વિરૂદ્ધ દાખલ અરજી ઉપર આપ નેતાઓને સુપ્રીમકોર્ટે નોટિસ ફટકારી

નવી દિલ્હી તા.૧૧

આમ આદમી પાર્ટીના મેયર પદના ઉમેદવાર શેલી ઓબેરોય દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ ઉપર સુપ્રીમ કોર્ટે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ના પ્રોટેમ પ્રિસાઈડિંગ ઓફિસર, MCD કમિશનરને નોટિસ પાઠવી છે. ઓબેરોયે મેયર માટે તાત્કાલિક ચૂંટણીની માંગ કરી છે. અરજદારનું પ્રતિનિધિત્વ કરતાં વરિષ્ઠ વકીલ એ.એમ. સિંઘવીએ કહ્યું કે મેયરની ચૂંટણી ગયા વર્ષે ડિસેમ્બરમાં થવાની હતી પરંતુ હજુ સુધી થઈ નથી. તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૪૩ઈ જણાવે છે કે નામાંકિત સભ્યોને મતદાન કરવાની મંજૂરી આપી શકાતી નથી. સર્વોચ્ચ અદાલતે સિંઘવીની રજૂઆતની પણ નોંધ લીધી હતી કે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૭૬ મુજબ, મેયર અથવા તેમની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયરે કોર્પોરેશનની બેઠકની અધ્યક્ષતા કરવાની હોય છે અને ત્યાં ત્રણ હોદ્દા (મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના સભ્યો) માટે એક સાથે ચૂંટણી યોજવી કાયદાની વિરૂદ્ધ છે. અમે આ મામલે નોટિસ જારી કરીએ છીએ તેના ઉપર સોમવાર સુધીનો સમય આપો. અરજીમાં મેયરની ચૂંટણી પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યવાહી સ્થગિત ન કરવા, એક સપ્તાહની અંદર એમસીડી ગૃહની બેઠક બોલાવવાની માંગ કરવામાં આવી હતી. ઉપરાંત, નામાંકિત સભ્યો મેયરની ચૂંટણીમાં મતદાન કરવા માટે હકદાર નથી. એક પ્રેસ બ્રીફિંગને સંબોધતા આમ આદમી પાર્ટીના આતિશીએ કહ્યું હતું કે, "આમ આદમી પાર્ટી આજે સુપ્રીમ કોર્ટમાં જઈ રહી છે. અમે એમસીડીની ચૂંટણી એક સપ્તાહથી દસ દિવસમાં તેમની દેખરેખ હેઠળ કરાવવા માટે સુપ્રીમ કોર્ટને અપીલ કરીશું. સત્યશર્માએ મનમાની રીતે અનિશ્ચિતકાળ માટે સદન સ્થગિત કરી દીધું છે. "અમે એલ્ડરમેન અથવા નામાંકિત કાઉન્સિલરોને મતદાનનો અધિકાર આપવાના ભાજપના નિર્ણયને પણ પડકારીશું. AAP પાસે ૨૫૦ ચૂંટાયેલા સભ્યોમાંથી ૧૩૪ની બહુમતી છે," એમ તેમણે ઉમેર્યું હતું. ભાજપ અને આમ આદમી પાર્ટી બંનેએ મેયરની ચૂંટણી અટકાવવા અંગે આક્ષેપો અને પ્રતિઆક્ષેપો કર્યા છે. વિવાદનું મૂળ એલ્ડરમેનની નિમણૂક અને ગૃહમાં તેમના મતદાન અધિકારો છે. આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે ભાજપ નામાંકિત સભ્યોને મતદાનનો અધિકાર આપીને તેમનો જનાદેશ ચોરી કરવાનો પ્રયાસ કરી રહી છે.

બાળ લગ્ન સામે આસામ અભિયાન : ૨,૫૨૮ની ધરપકડ; ચાર્જશીટ દાખલ કરવી મોટો પડકાર : DGP

કોલકતા તા.૧૧

આસામમાં બાળ લગ્ન સામેની સતત ઝુંબેશમાં ધરપકડની કુલ સંખ્યા ૨,૫૨૮ ઉપર પહોંચી છે ડીજીપીએ જણાવ્યું હતું કે ફોર્સ માટે હવે સૌથી મોટો પડકાર નિર્ધારિત સમયમર્યાદામાં ચાર્જશીટ દાખલ કરવાનો છે. હાલમાં શરૂ થયેલા દરોડામાં પોલીસે વધુ ૮૭ લોકોની ધરપકડ કરી હતી. દરોડા ચાલુ છે. અત્યાર સુધીમાં કુલ ધરપકડ ૨૫૨૮ થઈ છે, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ એક ટ્વિટમાં જણાવ્યું હતું. પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) જી પી સિંહે કહ્યું કે પોલીસ માટે હવે સૌથી મોટો પડકાર ૬૦થી ૯૦ દિવસના સમયગાળામાં ચાર્જશીટ દાખલ કરવાનો છે. સિંહે કહ્યું કે પોલીસનો હેતુ કોઈને હેરાન કરવાનો નહોતો પરંતુ તેની ભૂમિકા આગામી બેથી ત્રણ વર્ષ સુધીમાં રાજ્યમાં બાળ લગ્નને સંપૂર્ણપણે બંધ કરવાની હતી અને અત્યાર સુધીમાં ૪,૦૭૪ કેસ નોંધાયા છે અને ૨,૫૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસોમાં તમામ આરોપીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમની ધરપકડ કરવામાં આવશે અને તેમની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવશે તેમ સિંઘે જણાવ્યું હતું.

ન્યાયાધીશો તેમના દેખાવની નહીં પરંતુ પ્રદર્શનની ચિંતા કરે : જસ્ટિસ એમ.આર. શાહ

દેશમાં પહેલીવાર હવે રાજ્યની જિલ્લા અદાલતોમાં પ્રિન્સિપાલ જજીસની અદાલતોનું જીવંત પ્રસારણ કરવાની સગવડ પ્રજા માટે ખુલ્લી મૂકાઈ, ન્યાયાધીશો દ્વારા બિનજરૂરી રજાઓ લેવી ન જોઈએ તેવી પણ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયમૂર્તિ જસ્ટિસ એમ.આર.શાહે આપી સલાહ

અમદાવાદ, તા.૧૧

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.આર. શાહે તાજેતરમાં નીચલી કોર્ટના ન્યાયાધીશોને સલાહ આપી હતી કે તેઓ તેમના દેખાવની નહીં પરંતુ પ્રદર્શનની ચિંતા કરે. તેમણે ન્યાયાધીશોને બિનજરૂરી રજાઓ ન લેવાની સલાહ પણ આપી હતી કારણ કે, તેઓ દેશની સેવા કરી રહ્યા છે. ન્યાયમૂર્તિ શાહ રાજ્યભરના જિલ્લાઓના દરેક મુખ્ય ન્યાયાધીશની કોર્ટના લાઈવ સ્ટ્રીમિંગ અને નીચલી અદાલતોના ન્યાયાધીશો માટે ઈ-લીવ પોર્ટલના વર્ચ્યુઅલ ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે બોલી રહ્યા હતા. મુખ્ય ન્યાયાધીશ અરવિંદકુમાર, ન્યાયાધીશ સોનિયા ગોકાણી અને ન્યાયમૂર્તિ એ.જે. દેસાઈ ઉપરાંત ગુજરાત હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશોએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમનું વક્તવ્ય આપતા જસ્ટિસ શાહે જણાવ્યું હતું કે, ન્યાયિક અધિકારીઓ પહેલા રજા ઉપર જાય છે અને પછી તેઓ તેના માટે અરજી કરે છે. તેઓએ અગાઉથી અને સમયની અંદર અરજી કરવી આવશ્યક છે. તેમણે મુખ્યત્વે પોતાનો એવી મત વ્યક્ત કર્યો હતો કે, ન્યાયિક અધિકારીઓ બિનજરૂરી રીતે રજા ઉપર નજઈ શકે. કારણ કે, તેઓ સરકારી કર્મચારી નથી પણ એક અલગ જ વર્ગ છે. આ પદ દેશ અને સામાન્ય માણસની સેવા કરવા માટે આપવામાં આવે છે તેથી ધ્યાનમાં રાખવું જોઈએ. શાહે ઉમેર્યું હતું કે, ન્યાયિક અધિકારી દ્વારા રજાઓનો ઉપયોગ ઓછો કરવો જોઈએ કારણ કે, તેઓ દેશની સેવા કરી રહ્યા છે. વધુમાં તેમણે અભિપ્રાય આપ્યો કે લાઈવ સ્ટ્રીમિંગ મોડ્યુલ ન્યાયાધીશોની કામગીરી અને પારદર્શિતાને વધારશે. તેમણે હળવા સુરમાં કહ્યું કે, કેટલાક ન્યાયાધીશો તેમના શરૂઆતના દિવસોમાં પહેલા પાર્લરમાં જાય છે અને પછી કાર્યવાહી શરૂ કરે છે, પરંતુ ન્યાયાધીશોએ તેમના દેખાવની નહીં પરંતુ તેમના પ્રદર્શનની ચિંતા કરવી જોઈએ. તમે આ કેસોના નિર્ણય કેવી રીતે કરો છો તે મહત્ત્વનું છે. જસ્ટિસ જે.બી. પારડીવાલાએ નીચલી કોર્ટની કાર્યવાહીનું લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કરવા માટે દેશમાં પ્રથમ બનવા બદલ ગુજરાત હાઈકોર્ટને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, પરિવર્તન સતત બનતી બાબત છે અને ન્યાયાધીશોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે લોકશાહીમાં અદાલતો ન્યાયાધીશો અને વકીલો માટે નથી પરંતુ તે દેશના લોકોની છે. ગુજરાત હાઈકોર્ટની કાર્યવાહીની જેમ લાઈવ પ્રસારણ થાય છે અને તે નિહાળી શકાય છે તે જ પ્રકારે હવે રાજ્યમાં અમદાવાદ સહિત ૩૨ જિલ્લાઓની પ્રિન્સિપાલ જજીસની કોર્ટોની કાર્યવાહીની લાઈવ પ્રસારણ અને સ્ટ્રીમિંગ થશે અને તે વકીલો, પક્ષકારો સહિત કોઈપણ વ્યક્તિ જોઈ શકશે. ગુજરાત હાઈકોર્ટે દેશમાં પ્રથમ વખત એક પાયલોટ પ્રોજેક્ટ તરીકે લોન્ચ કર્યો છે અને તે માટે માર્ગદર્શિકાઓ ઘડી કાઢી છે.

વોટ્સએપ 'વોઈસ સ્ટેટસ' અને 'સ્ટેટસ રિએક્શન' સહિતના નવા ફીચર્સ લાવી રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૧

મેટા-માલિકીના મેસેજિંગ પ્લેટફોર્મ Whats Appએ મંગળવારે તેના સ્ટેટસમાં નવા ફીચર્સ જાહેર કર્યા છે, જેમાં 'વોઈસ સ્ટેટસ' અને 'સ્ટેટસ રિએક્શન્સ'નો સમાવેશ થાય છે. આ નવી સુવિધાઓ વૈશ્વિક સ્તરે વપરાશકર્તાઓ માટે રોલઆઉટ થઈ રહી છે અને આગામી અઠવાડિયામાં દરેક માટે ઉપલબ્ધ થશે. કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'વોઈસ સ્ટેટસ' ફીચર યુઝર્સને વોટ્સએપ સ્ટેટસ ઉપર ૩૦ સેકન્ડ સુધી વોઈસ મેસેજ રેકોર્ડ અને શેર કરવાની મંજૂરી આપે છે. 'સ્ટેટસ રિએક્શન' વપરાશકર્તાઓને તેમના મિત્રો અને નજીકના સંપર્કોના સ્ટેટસ અપડેટ્સનો પ્રતિસાદ આપવા માટે ઝડપી અને સરળ રીત પ્રદાન કરે છે. ગયા વર્ષે 'પ્રતિક્રિયાઓ'ના લોન્ચિંગ બાદ યુઝર્સ આ ફીચર ઈચ્છતા હતા. હવે તમે આઠમાંથી એક ઈમોજીસ ઉપર સ્વાઈપ કરીને અને ટેપ કરીને કોઈપણ સ્ટેટસનો ઝડપથી જવાબ આપી શકો છો. તમે અલબત્ત હજુ પણ ટેક્સ્ટ સાથે પણ સ્ટેટસનો જવાબ આપી શકો છો. કંપનીએ 'પ્રાઈવેટ ઓડિયન્સ સિલેક્ટર', 'નવા અપડેટ્સ માટે સ્ટેટસ પ્રોફાઈલ રિંગ્સ' અને 'લિંક પ્રિવ્યૂઝ ઓન સ્ટેટસ' સહિત અન્ય સુવિધાઓ પણ રજૂ કરી છે. 'પ્રાઈવેટ ઓડિયન્સ સિલેક્ટર' વડે, યુઝર્સ સ્ટેટસ દીઠ તેમની ગોપનીયતા સેટિંગ્સને અપડેટ કરી શકે છે જેથી તેઓ દરેક વખતે જ્યારે તેઓ તેનું સ્ટેટસ અપડેટ કરે ત્યારે કોણ તેને જોઈ શકે છે તે પસંદ કરી શકે. વધુમાં, સૌથી તાજેતરના પ્રેક્ષકોની પસંદગીનો ઉપયોગ વપરાશકર્તાઓની આગામી સ્થિતિ માટે ડિફોલ્ટ તરીકે સેટ કરવામાં આવશે. નવી સ્ટેટસ પ્રોફાઈલ રિંગ સાથે તમે ક્યારે કોઈ પ્રિય વ્યક્તિનું સ્ટેટસ ચૂકશો નહીં. જ્યારે પણ તેઓ સ્ટેટસ અપડેટ શેર કરશે ત્યારે આ રિંગ તમારા સંપર્કના પ્રોફાઈલ પિક્ચરની આસપાસ રહેશે. તે ચેટ સૂચિઓ, જૂથ સહભાગીઓની સૂચિ અને સંપર્ક માહિતી આપશે. હવે જ્યારે યુઝર્સ તેમના સ્ટેટસ પર કોઈ લિંક પોસ્ટ કરે છે, ત્યારે તેઓ લિંક કન્ટેન્ટનું વિઝ્યુઅલ પ્રિવ્યુ જોઈ શકશે, જે રીતે યુઝર્સ મેસેજ મોકલે છે, તે 'લિંક પ્રિવ્યૂઝ ઓન સ્ટેટસ' ફીચરને આભારી છે. સ્ટેટસ એ મિત્રો અને WhatsApp ઉપર નજીકના સંપર્કો સાથે ક્ષણિક અપડેટ્સ શેર કરવાની એક લોકપ્રિય રીત છે. તે ૨૪ કલાકમાં અદૃશ્ય થઈ જાય છે અને તેમાં ફોટા, વીડિયો, GIF, ટેક્સ્ટ અને વધુ અપલોડ કરી શકાય છે. તમારી અંગત ચેટ્સ અને કૉલ્સની જેમ, તમારૂ WhatsApp સ્ટેટસ એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે જેથી તમે ખાનગી અને સુરક્ષિત રીતે તેને શેર કરી શકો છો.

એનડીઆરએફની ટીમ રાહત સામગ્રી સાથે તુર્કીમાં ઉતરી

અંકારા, તા. ૧૧

ભારતે આર્મી મેડીકલ ટીમ અને (એનડીઆરએફ)ના જવાનો સહિત બચાવ અને તબીબી ટીમો, ભૂકંપગ્રસ્ત તુર્કીમાં તબીબી પુરવઠો મોકલ્યો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક ટ્વિટર પોસ્ટમાં જણાવ્યું કે, પ્રથમ ફ્લાઈટ તુર્કીના અદાના પહોંચી હતી. સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, IAFના ત્રણ C-17 ગ્લોબમાસ્ટર-બે એરક્રાફ્ટ NDRF કર્મચારીઓને લઈને અને એક આર્મી મેડિકલ ટીમ લઈને તુર્કી માટે રવાના થયા. અન્ય Cઆર્મી મેડીકલ, ૧૭ ગ્લોબમાસ્ટર એક વધારાની આર્મી મેડિકલ ટીમ સાથે સાંજે રવાના થયું, જ્યારે C-130 પરિવહન વિમાન તબીબી પુરવઠો સાથે મોડી રાત્રે સીરિયાના દમાસ્કસ માટે રવાના થયું. એક નિવેદનમાં, સેનાએ કહ્યું કે આગ્રા સ્થિત ૬૦ પેરા ફિલ્ડ હોસ્પિટલે ૯૯ સભ્યોની તબીબી ટીમ રવાના કરી છે. નિવેદનમાં કહેવાયંકે, "મેડિકલ ટીમમાં અન્ય તબીબી ટીમો સિવાય ઓર્થોપેડિક સર્જિકલ ટીમ, જનરલ સર્જિકલ નિષ્ણાંત ટીમ, તબીબી નિષ્ણાંત ટીમો સહિત જટિલ સંભાળ નિષ્ણાંત ટીમોનો સમાવેશ થાય છે." ટીમો એક્સ-રે મશીન, વેન્ટિલેટર, ઓક્સિજન જનરેશન પ્લાન્ટ, કાર્ડિયાક મોનિટર અને સંબંધિત સાધનોથી ૩૦ બેડની મેડિકલ સુવિધા સ્થાપિત કરવા સજ્જ છે એમ કહેવાયું હતું.

રાજ્યમાં ફેબ્રુઆરીના અંતમાં પારો ૪૦ની નજીક પહોંચવા વકી

એક અઠવાડિયામાં ગરમીના પ્રમાણમાં વધારો લઘુતમ તાપમાન વધીને ૧૫ની આસપાસ પહોંચી ગયું

અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે પરંતુ રાત્રે તથા વહેલી સવારે હજુ પણ બર્ફીલી ઠંડી અનુભવાઈ રહી છે. આ વર્ષે શિયાળાની અસર ડિસેમ્બરના બદલે જાન્યુઆરીમાં વધુ અનુભવાઈ હતી. આ પછી ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે. આવામાં હવે ફેબ્રુઆરી પૂર્ણ થતા સુધીમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. પવનની દિશામાં ફેરફાર થતા તાપમાનમાં જલદી ફેરફાર થતો જોવા મળશે. રાજ્યમાં ઉત્તર પશ્ચિમનો પવન ફૂંકાઈ રહ્યો છે, અને આદિશામાં ફેરફાર થવાથી લઘુત્તમ અને મહત્તમ તાપમાન ઊંચું આવી રહ્યું છે. જોકે, ચાલુ અઠવાડિયા દરમ્યાન લઘુત્તમ તાપમાનમાં મોટા ફેરફારની સંભાવના નથી. જોકે, ફેબ્રુઆરી આગળ વધતા ઠંડીનું જોર ઘટતું જઈ રહ્યું છે. જાન્યુઆરી પછી ઠંડીના જોરમાં ઘટાડો થઈ રહ્યો છે અને પાછલા એક અઠવાડિયામાં રાજ્યમાં તાપમાનમાં ૩-૪ ડિગ્રીનો વધારો થયો છે. અમદાવાદ શહેરમાં અઠવાડિયા પહેલા જે તાપમાન ૨૮ ડિગ્રી હતું તે હવે વધીને ૩૨ ઉપર પહોંચ્યું છે.

જૂનાગઢમાં 'અરે.. કોઈ પપ્પુને પરણાવો' નાટ્ય શો હાઉસફુલ.!

જૂનાગઢના મેયર, ધારાસભ્ય અને શહેર ભાજપના પ્રમુખશ્રીએ દીપ પ્રાગટય કરી પ્રોત્સાહન પુરૂં

નિર્માતા કેતન દવેએ જૂનાગઢને થેન્કયું કહયું

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢના શામળદાસ ગાંધી ટાઉનહોલના રંગમંચ ઉપર કોમેડી નાટ્ય 'અરે.. કોઈપપ્પુને પરણાવો'નો નાટ્ય શો ગત રવિવારની રાત્રે સંપન્ન થયો ત્યારે ટાઉનહોલની તમામ બેઠકો પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાઈ જતા આ નાટ્ય શો નો પ્રથમ પ્રયોગ હાઉસફુલ બની રહયો હતો.

જૂનાગઢમાં 'અરે કોઈ પપ્પુને પરણાવો' નાટ્ય શો ના પ્રથમ પ્રયોગને જૂનાગઢની નાટ્યપ્રેમી જનતાએ ભરપુર પ્રતિસાદ આપી કોમેડી નાટકને હાઉસફુલ બનાવતા લેખક ભાવેશ નાયક, દિગ્દર્શક યોગેશ મહેતા, અદ્વૈતપ્રોડકશન હાઉસના સંબંધે અને નાટયનિર્માતા કેતન દવેએ અને તેની સમગ્ર ટીમ ગદગદિત બની ગઈ હતી. નાટ્ય શોના અંતે આ અભુતપુર્વ પ્રતિસાદ બદલ નિર્માતા કેતન દવેની આંખો ભીંજાઈ ગઈ હતી અને જૂનાગઢને 'થેન્કયુ' કહેતા આ ગિરનારની ભૂમિ ઉપર ફરી પધારવા પ્રેક્ષકોએ આહવાન કર્યુ હતું.

નાટ્યની શરૂઆત દિગ્દર્શક યોગેશ મહેતાએ રંગદેવતા અને માં સરસ્વતીનું પૂજન-અર્ચન કર્યુ હતું. દીપ પ્રાગટય વખતે જૂનાગઢના પ્રથમ નાગરીક એવા મેયર ગીતાબેન પરમાર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, શહેર ભાજપના પ્રમુખ પુનિત શર્મા, કેસરી દૈનિકના તંત્રી સુનિલભાઈ નાવાણી, જૂનાગઢ ટુડેના તંત્રી કૃષ્ણકાંત રૂપારેલીયા, દિવ્યકાંત ભુવા (દિવ્ય ભાસ્કર) અને સાગર નિર્મળ (ખાસ ખબર) ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહન બળ પુરૂં પાડયું હતું. પુનિતનાભાઈ શર્માએ કહયું ગુજરાતી ભાષા અને ગુજરાતી અસ્મિતાને જાળવી રાખવા ભવાઈ, લોકગીતો, ભજન અને નાટકો તથા ગુજરાતી ફિલ્મોને જોવા-માણવા અનુરોધ કર્યો હતો.

હાસ્યનું હુલ્લડ સર્જતા આ નાટકમાં પ્રિતમ ઉર્ફે પપ્પુનાં કિરદારમાં જૂનાગઢના યુવા કલાકાર જગપાલ ભરાડે નાટકને સફળ બનાવવા સહયોગ આપવા બદલ લોહાણા સમાજના લવ-કુશ ગ્રુપના વિજયભાઈ ખખ્ખર અને તેની ટીમ તથા જગપાલ જે શાળામાં ભણયો છે તે ભરાડ વિદ્યા મંદિરના તેના ગુરૂજનો-સહયોગી છાત્રોનો આભાર માનથન સમગ્ર ટાઉનહોલ તાળીઓના ગળગળાટથી ગુંજી ઉઠયો હતો. સમગ્ર આયોજનને સફળનેતૃત્વ પુરૂં પાડનારા કે.સેવન ગ્રુપના સોંગસ્ટર કેતન ભેડા અને તેમની ટીમનું નિર્માતા કેતન દવેએ પુષ્પગુચ્છ અર્પણ કરી યથોચિત્ત સન્માન કર્યુ હતું.

નાટકના કલાકાર તેના પાત્રમાં ખુંપી ગયા હતા

હાસ્ય નાટકમાં પપ્પુની ભૂમિકા અદા કરતા જૂનાગઢના યુવા કલાકાર જગપાલ ભરાડ ઉપરાંત યુવરાજ જાડેજા, નિશાંત આપે, હિતાક્ષી કણઝારીયા, તરંગ ચૌહાણ, માનસી સોની, ઝીલ ભાવસાર, ખુશી ખારોડ, રાજ કરમચંદાણી અને પ્રકાશ જોષી તેમને સોંપેલ કિરદારમાં ખુંપી જઈ પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

નાટ્ય શો ને સફળ બનાવવા ૧૨૦ કલાકની સમગ્ર ટીમની મહેનત રંગ લાવી : યોગેશ મહેતા

'અરે.. કોઈ પપ્પુને પરણાવો' નાટ્ય શો નો પ્રથમ સફળ પ્રયોગ માત્ર ૧૨૦ મિનીટમાં દર્શકોએ માણી-નિહાળી આખી ટીમને શાબાશી મળી તે બદલ ધન્યવાદ વ્યકત કરી દિગ્દર્શક યોગેશ મહેતાએ કહયું કે, પ્રેક્ષકોની તાળીઓની દદા માટે અમારી આખી ટીમે રોજ અવિરત ચાર કલાકની પ્રેકટીસ એક મહિનો કરી હતી. અલબત આ ૧૨૦ કલાકની કઠીન તપસ્યા સફળ થઈ હોવાનો અમોને ગૌરવ હોવાનું દિગ્દર્શક યોગેશ મહેતા અને સહદિગ્દર્શક નિશિથ નાયકે જણાવ્યું હતું.

ભવનાથ ખાતે યોજાનારા શિવરાત્રી મેળાના સુચારૂં આયોજન માટે સુચનો કરાયા

જૂનાગઢ તા. ૧૧

આગામી તા.૧૫ ફેબ્રુઆરીથી તા.૧૯ ફેબ્રુઆરી દરમ્યાન મહાશિવરાત્રીનો મેળો યોજાનાર છે ત્યારે જૂનાગઢના જીલ્લા મેજીસ્ટ્રેટ/ કલેકટરશ્રીની અધ્યક્ષતામાં તાજેતરમાં જ એક મીટીંગ યોજવામાં આવી હતી અને સુચનો મેળવવામાં આવ્યા હતા. જૂનાગઢના જાણીતા એડવોકેટ અશ્વિન મણીયારે જીલ્લા કલેકટરને શિવરાત્રીના મેળા દરમ્યાન શાંતિપુર્ણ રીતે માહોલમાં મેળો યોજાય અને અહીં આવનારા ભાવિકોની સુખ-સુવિધા જળવાઈ તેમજ ટ્રાફીક સહિતનું વ્યવસ્થિત નિયમન થઈ શકે અને કોઈપણ જાતની અવ્યવસ્થા ન સર્જાય તે માટેના સુચનો રજુ કરવામાં આવ્યા હતા અને આ બાબતે યોગ્ય કરવાની નમ્ર અપીલ કરી છે. એડવોકેટ અશ્વિન મણીયાર દ્વારા રજુઆત કરવામાં આવી હતી કે, કોવિડ ગાઈડલાઈન મુજબ મેળો શરૂ થાય અને મેળો પુરો થાય ત્યાં સુધી કોર્પોરેશન દ્વારા જન આરોગ્યને ધ્યાનમાં રાખી કલોરીનેશન તથા દવાના છંટકાવ તથા આયુર્વેદિક ઉકાળાઓનું વિતરણ વ્યવસ્થિત રીતે થાય તે માટે વ્યવસ્થા ગોઠવવી જોઈએ. મુખ્ય ચેક પોઈન્ટ ઉપર અનુભવી અને શાંત સ્વભાવના પોલીસ અધિકારીને જવાબદારી સોંપવા, લાલ લાઈટ વાળી ગાડીઓ મેળામાં આવે તે આવકાર્ય છે પરંતુ લીના અવર અને પીક અવરનું ધ્યાન રાખી જયારે જનસંખ્યા ઓછી હોય ત્યારે તેઓ પધારે તેવી સુચારૂ વ્યવસ્થા ગોઠવવી જોઈએ. લાલદાસા બાપુની જગ્યા પાસેથી શેરનાથ બાપુની જગ્યાએ જવા માટે રીંગ રોડ બનેલ છે તેની ઉપર આવવા-જવાની છુટ આપવી જોઈએ. જીલ્લા પંચાયત ગેસ્ટ હાઉસથી યમુના કુટીર સુધીનો પાર્કિંગ ઝોન કરવું જોઈએ જેથી એસટી બસો અને રીક્ષાઓ પસાર થાય ત્યારે ટ્રાફીક જામ ન થાય. દામોદરકુંડની સામે નો પાર્કિંગ ઝોન જાહેર કરવો જોઈએ, કોર્પોરેશન અને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ પુરતું ધ્યાન આપી હંગામી ટોઈલેટ બ્લોકો ઉભા કરે જેથી જનસુવિધામાં વધારો થાય, પીજીવીસીએલ દ્વારા હંગામી ઉતારાઓમાં શકય હોય તો વીજ કનેકશન આપવા, કોઈ અકસ્માતનો બનાવ બને તો સમયસર તે જગ્યાએ એમ્બયુલન્સ પહોંચી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ વિગેરે વિવિધ સુચનો આપી તંત્રને યોગ્ય લાગે તો અમલમાં મુકવા વિનંતી કરવામાં આવી છે.

KD હોસ્પિટલે એક દર્દીમાં સફળતા પૂર્વક, જટિલ લિવર ટ્રાન્સપ્લાન્ટ અને કોરોનરી બાયપાસ સર્જરી પ્રક્રિયા સાથે કરીને તબીબી ક્ષેત્રમાં નવો વિક્રમ સર્જયો

અમદાવાદ, તા.૧૧

અમદાવાદની જાણીતી KD હોસ્પિટલ અગ્રણી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલની સફળ સી.એ.બી.જી. (બાયપાસ સર્જરી) પ્રક્રિયા સાથે સંયુક્ત રીતે લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરીની વિસ્તૃત માહિતી આપતા જણાવવામાં આવેલ છે કે, આપતા અનુભવી સર્જનો અને તબીબી નિષ્ણાંતોની ટીમ દ્વારા કરવામાં આવતી આ જટિલ પ્રક્રિયા,આ કેસ સર્જીકલ ક્ષેત્રમાં નોંધપાત્ર ઉદાહરણરૂપ છે.

સી.એ.બી.જી.એ એક પ્રમાણભૂત સર્જિકલ પ્રક્રિયા છે જેનો ઉપયોગ દર્દીના શરીરના અન્ય ભાગોમાંથી લેવામાં આવતી તંદુરસ્ત રક્તવાહિનીઓ સાથે અવરોધિત અથવા સાંકડી ધમનીઓને બાયપાસ કરીને હૃદયની બિમારીની સારવાર માટે થાય છે. બીજી બાજુ, લીવર ટ્રાન્સપ્લાન્ટ, એક એવી પ્રક્રિયા છે જેમાં રોગગ્રસ્ત લીવરને દૂર કરવામાં આવે છે અને તેને દાતા પાસેથી તંદુરસ્ત મેળવેલ લીવર સાથે બદલવામાં આવે છે. એક જ સર્જરીમાં બંને પ્રક્રિયાઓને સંયોજિત કરવી એ એક જટિલ અને પડકારજનક ઓપરેશન માનવામાં આવે છે અને એવો અંદાજ છે કે માત્ર થોડા જ દર્દીઓને સી.એ.બી.જી.અને લિવર ટ્રાન્સપ્લાન્ટ બંનેની જરૂર પડે છે.

તાજેતરમાં આ ઓપરેશન ૪૪ વર્ષીય દર્દી, વિજય પટેલ ઉપર કરવામાં આવ્યું હતું, જેઓ લીવર ફેલિયર અને હૃદય રોગથી પીડાતા હતા જેણે આ પ્રક્રિયાને ખાસ કરીને પડકારરૂપ બનાવી હતી. દર્દીએ કહ્યું, "મને જીવનમાં બીજી તક આપવા બદલ હું કેડી હોસ્પિટલની ટીમનો ખૂબ આભારી છું. સર્જરીએ મારા જીવનમાં સુધારો કર્યો છે, અને હું પહેલા કરતાં વધુ સારું અનુભવી રહ્યો છું. હું તેમની કુશળતા અને કરુણા માટે હોસ્પિટલ અને ઓપરેટિંગ ટીમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."

બંને સર્જરીઓ સાથે મળીને કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો, કારણ કે એકલા એક સર્જરી કરવાથી જોખમ વધે છે અને અન્ય અંગની કામગીરીને વધુ ખરાબ કરે છે. કેડી હોસ્પિટલના લીવર ટ્રાન્સપ્લાન્ટ અને એચપીબી સર્જન ડો. દિવાકર જૈન જે કેસના મુખ્ય સર્જન છે તેમણે જણાવ્યું હતું કે, "લિવર ટ્રાન્સપ્લાન્ટ અને સીએબીજીનું સંયોજન એ ખૂબ જ જટિલ પ્રક્રિયા છે જેમાં ચોક્કસ સંકલન અને ટેકનિકલ કૌશલ્યની જરૂર છે. મારી ટીમને પડકારનો સામનો કરવા અને ઉત્કૃષ્ટ પરિણામો આપવા બદલ તેમના પર મને ગર્વ છે.. આ પ્રક્રિયા કેડી હોસ્પિટલની ક્ષમતાઓ અને વિશ્વ-કક્ષાની તબીબી સંભાળ પૂરી પાડવાની તેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે."ડૉક્ટર ભાવિન દેસાઇ, સિનિયર સીટીવીએસ સર્જન અને કેડી હોસ્પિટલની ટીમ દ્વારા સર્જરી કરવામાં આવી હતી.

તેમણે વધુમાં ઉમેર્યું કે, " દર્દીનું અજીવ નબચા વીશકાય અને શસ્ત્રક્રિયા સફળ થાય તે સુનિશ્ચિત કરવા માટે બંને તબીબી ટીમોએ સાથે મળીને કામ કર્યું. આ એક અનન્ય પ્રકારનો કેસ છે જે તબીબી ક્ષેત્રમાં મહત્વનો ફાળો આપે છે. " કેડી હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર ડો.અદિત દેસાઇએ વધુમાં જણાવ્યું કે "ભારતમાં, ખૂબ ઓછી સર્જિકલ ટીમો જટિલ સર્જરીના આ સ્તરને પ્રાપ્ત કરવામાં સક્ષમ છે જેના કારણે દર્દીના સ્વાસ્થ્ય માં સુધારો થાય છે. અમે વિજય પટેલને સ્થિર અને તંદુરસ્ત સ્થિતિમાં રજા આપી છે અને તેમની સર્જરી પછીપણ તેમના સારા સ્વાસ્થ્ય માટે કટિબદ્ધ છીએ. આ કેસને કુશળ તાથી અને સફળતાપૂર્વક કરાયેલ સર્જરી તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય ખાતે ત્રિદિવસીય શબ્દશાળા કાર્યશાળાનું સમાપન

બેંકિંગ-યંત્રો, તેમજ આધુનિક રમતોના શબ્દ નિર્માણ વિશે પ્રશિક્ષણાર્થીઓએ મેળવ્યું જ્ઞાન

વેરાવળ, તા.૧૧

શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય તથા ભારતીય ભાષા સમિતિ, શિક્ષણ મંત્રાલય, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય શબ્દશાળા કાર્યશાળાના તૃતીય તથા અંતિમ દિવસે ત્રણ વ્યાખ્યાનોનું આયોજન થયું હતું. જેમાં પ્રશિક્ષણાર્થીઓએ બેંકિંગ-યંત્રો, તેમજ આધુનિક રમતોના શબ્દ નિર્માણ વિશે પ્રશિક્ષણાર્થીઓએ જ્ઞાન મેળવ્યું હતું.

પ્રથમ સત્રના વ્યાખ્યાતા આચાર્ય ડો. નરેન્દ્રકુમાર પંડ્યાએ બેંક સંબંધિત શબ્દો જેવા કેલોન, ઈન્વેસ્ટ, ચેક, ફંડ વગેરે શબ્દોનું નિર્માણ સંસ્કૃત માં પાણિનિના સુત્રો દ્વારા સિદ્ધ કેવી રીતે થઈ શકે તેના વિશે માહિતી આપી. બીજા સત્રના વ્યાખ્યાતા સત્યપ્રકાશ દુબેએ આધુનિક યંત્રોનું શબ્દ નિર્માણ અને તેનો શબ્દકોશ રજૂ કર્યો. સુરાઓનું રાષ્ટ્ર સૌરાષ્ટ્ર તથા વિશ્વકોશ, એકાક્ષરકોશ વગેરે જેવા વિભિન્ન શબ્દોકોશની પણ વાત કરી.

કાર્યશાળાના અંતિમ વ્યાખ્યાતા રૂપે ઝુંઝુનુ સ્થિત સ્વામિવિવેકાનંદ ગવર્મેન્ટ કોલેજના સહાયકાચાર્ય ડો.રામનારાયણ ઝાએ આધુનિક રમતને લગતા શબ્દો વિશે માહિતી આપી હતી જેમાં તેમણે શબ્દ નિર્માણની વિધિ પણ દર્શાવી હતી. ત્રણ વ્યાખ્યાનો બાદ આ કાર્યશાળાના સમાપન સત્રનું આયોજન શૈક્ષણિક ભવનના સભાખંડમાં કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને વિશ્વવિદ્યાલય દ્વારા સંચાલિત મહાવિદ્યાલયના પ્રાચાર્ય ડો. નરેન્દ્રકુમાર પંડ્યા, વિશ્વવિદ્યાલયના કુલ સચિવ ડો. દશરથ જાદવ, કાર્યશાળાના સંયોજક પ્રો. વિનોદકુમાર ઝા પણ હાજર રહ્યા હતા.સમાપન કાર્યક્રમનો આરંભ દીપ પ્રજ્વલન અને વૈદિક મંત્રો દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું અને કાર્યશાળાના સંયોજક ડો.વિનોદકુમાર ઝાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ડો. જાનકીશરણ આચાર્યએ નેટ-સ્લેટ પ્રશિક્ષણ વર્ગોના આયોજન વિશે માહિતી આપ્યા બાદ કાર્યશાળાના ત્રણ પ્રશિક્ષણાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. આ તકે, કાર્યક્રમના અધ્યક્ષ ડો. નરેન્દ્રકુમાર પંડ્યાએ પોતાનું વકતવ્ય આપ્યું અને સર્વે પ્રશિક્ષણાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ પણ કરવામાં આવ્યું. આ ઉદ્ઘાટન સત્રની આભારવિધિ ડો. ઉમામહેશ્વરીએ કરી હતી જ્યારે સંચાલન સંયોજિકા ડો. વિદુષી બોલ્લાએ કર્યું હતું.

સલાયામાં ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ પ્રસંગે આયોજકો તથા શાસ્ત્રીજીનું સન્માન કરાયું

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલી લોહાણા મહાજન વાડી ખાતે તાજેતરમાં સ્વ. મથુરાદાસ લીલાધર માણેક પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગઈકાલે બુધવારે આ ભાગવત કથાની પૂર્ણાહુતિના દિવસે સલાયા શહેર ભાજપ મહામંત્રી અને રઘુવંશી સમાજના અગ્રણી લાલજીભાઈ ભૂવા તેમજ વછરાજ ગ્રુપના પ્રમુખ અને ગૌ સેવક પ્રદીપસિંહ જાડેજા દ્વારા પોરબંદરના શાસ્ત્રીજી અનિલભાઈ સાતા તેમજ યજમાન પરિવારના પ્રફુલભાઈ માણેક તેમજ નરેન્દ્રભાઈ માણેક સાથે આ સમગ્ર કથામાં યુટયુબ ઉપર લાઈવ પ્રસારણ કરનાર દેવશીભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સલાયામાં માણેક પરિવાર દ્વારા યોજવામાં આવેલી આ ભાગવત સપ્તાહના આયોજનને સ્થાનિકોએ બિરદાવ્યું હતું.

એરફુલર્સમાં વિશ્વ અગ્રણી સિમ્ફની લિમિટેડ નવીન ડિઝાઈન ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

અમદાવાદ તા. ૧૧

બાષ્પીભવનકારી એર કૂલર્સમાં સિમ્ફની વધુ સારી બનાવવા માટે નવીન ડિઝાઈન ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૬૦ થી વધુ દેશોમાં ઘરેલું, વ્યાપારી અને ઔદ્યોગિક ગ્રાહકો માટે પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો ગ્લોબ સિમ્ફનીમાં, ડિઝાઈન-આધારિત નવીનતા અને ગ્રીન એન્જિનિયરિંગ ટકાઉ સ્પર્ધાત્મક છે સિમ્ફની કંપની એન્જિનિયરિંગ અને ડિઝાઈન ઈનોવેશન સાથે બજારમાં અગ્રણી ઉત્પાદનો પહોંચાડે છે, કંપનીએ ઉર્જા સંરક્ષણ, વિશિષ્ટ સ્ટાઈલ અને ગ્રાહક-કેન્દ્રિત ડિઝાઈન આપવા ઉપર ધ્યાન આપે છે.

૧૯૮૮ માં સ્થપાયેલ, સિમ્ફની તેના માટે અનન્ય અને સફળ એસેટ-લાઈટ બિઝનેસ મોડલનો લાભ લે છે

ભારતમાં રહેણાંક કૂલર્સ અને મેક્સિકોમાં તેના ઔદ્યોગિક કૂલર્સ માટે ઈન-હાઉસ લીન ઉત્પાદન ટકાઉ અને નફાકારક વૃદ્ધિ હાંસલ કરેલ છે.

અમદાવાદ, ગુજરાત, ભારતમાં ગુજરાત રાજયમાં અમદાવાદ ખાતે મુખ્ય મથક ધરાવે છે. સિમ્ફની એ વિકાસ કરવા માટે પ્રતિબદ્ધ વૈશ્વિક કંપની છે. ટકાઉ અને જવાબદાર ઉત્પાદનો. કંપની એર-કૂલિંગ ઉદ્યોગના વિકાસ માટેના પ્રયત્નોનું નેતૃત્વ કરે છે. આબોહવા પરિવર્તન સામે લડવા માટે પ્રગતિશીલ ગ્રીન ટેકનોલોજી. ભારતમાં જાહેરમાં વેપાર કરતી કંપની છે સિમ્ફની કંપની મેક્સિકો, ચીન, ઑસ્ટ્રેલિયા, યુએસએ અને બ્રાઝિલમાં સંપૂર્ણપણે કાર્યરત પેટાકંપની કંપનીઓ ૬૦થી વધુ દેશોમાં તેનું વર્ચસ્વ ધરાવે છે.

ધરતી ઉપર જલદી આવશે તબાહી! બાબા વેંગા-નોસ્ટ્રાડેમસની ડરામણી ભવિષ્યવાણી

દુનિયામાં ઘણા લોકો પોતાને ટાઈમ ટ્રાવેલર ગણાવે છે. હવે વધુ એક વ્યક્તિએ દાવો કર્યો છે અને તેનું કહેવું છે કે તે વર્ષ ૨૮૫૮થી પરત ફરીને આવ્યો છે. તેણે વિષ્યવાણી કરી હતી કે વર્ષ ૨૦૨૩માં પાંચ મોટી ઘટનાઓ થશે. વ્યક્તિનો દાવો છે કે તે ટાઈમ ટ્રાવેલ કરીને આવ્યો છે અને ભવિષ્ય પણ જોયું છે. ધરતી પર એલિયનના કબજાથી લઈને તબાહી સુધીનો દાવો કર્યો છે.

આ પહેલા પણ એક વ્યક્તિએ ટાઈમ ટ્રાવેલર હોવાનો દાવો કર્યો હતો. તેણે એલિયન્સ અને માણસો વચ્ચેના યુદ્ધની પણ વાત કરી. આ વ્યક્તિએ બાબા વેંગા અને નોસ્ટ્રાડેમસની ડરામણી ભવિષ્યવાણીઓ પણ કરી છે જેનાથી લોકોમાં ભય ફેલાયો છે. આ વ્યક્તિનું કહેવું છે કે તે વર્ષ ૨૮૫૮થી પરત આવ્યો છે. આ સાથે તેણે જોયું છે કે વર્ષ ૨૦૨૩માં પાંચ મોટી ઘટનાઓ બનશે, જેની અસર મનુષ્યોને થશે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આ વ્યક્તિ @darknesstim³ravel એકાઉન્ટ પર વીડિયો પોસ્ટ કરે છે. આ સાથે તે ભવિષ્યની ઘટનાઓને લઈને દાવો કરે છે. આ વખતે તેણે ટિકટોક પર એક વીડિયો શેર કર્યો છે, જેણે લોકોને ડરાવી દીધા છે.

તેમાં તેણે કહ્યું કે ધ્યાન આપો- હું વર્ષ ૨૮૫૮થી પરત આવેલો એક ટાઈમ ટ્રાવેલર છું. તમે વર્ષ ૨૦૨૩માં થનારી આ પાંચ તારીખોને યાદ રાખી લો. આ વીડિયોમાં તેણે એલિયન્સથી લઈને વર્મહોલ સુધી જણાવ્યું છે. આ સ્વ-ઘોષિત ટાઈમ ટ્રાવેલરે ડરામણા દાવા કર્યા છે.

સ્વ-ઘોષિત ટાઈમ ટ્રાવેલરનો દાવો છે કે વર્ષ ૨૦૨૩માં ૨૮ ફેબ્રુઆરીએ ધરતી પર એલિયનનો કબજો થઈ જશે. તેણે કહ્યું કે

દરેક ઈચ્છે છે કે ધરતી પર એલિયન કબજો કરી લે અને હવે તે દિવસ જલદી આપવાનો છે. આ સાથે તેણે ખૂબ જ ડરામણી ભવિષ્યવાણી કરી છે. તેમનો દાવો છે કે આ વર્ષે ૩૦ માર્ચે એક એરક્રાફ્ટ વોર્મહોલમાં ગાયબ થઈ જશે. પ્લેનમાં મુસાફરો માટે તે માત્ર છ સેકન્ડ હશે, પરંતુ વિશ્વના લોકો માટે છ વર્ષ.

મંગળ ગ્રહ ઉપર મળશે હાડકાં

તેનો ત્રીજો દાવો છે કે મંગળ ગ્રહ પર ચાર મેના મનુષ્યના હાડકાં મળશે ત્યારબાદ દુનિયાને વિશ્વાસ થઈ જશે કે આપણે બધા મૂળ રૂપથી લાલ ગ્રહના નિવાસી છીએ અને મનુષ્યોની ઉત્પત્તિ મંગળ પર થઈ છે.

છ લોકોને મળશે સૂર્યથી શક્તિ

વ્યક્તિનો ચોથો દાવો છે કે બે દુલાઈએ છ વ્યક્તિને સૂર્યની ચરમ ઉર્જાથી મહાશક્તિઓ મળશે. આ સિવાય પાંચમો દાવો છે કે એક વ્યક્તિ ગુપ્ત સરકારી પરિયોજનાઓ પર કામ કરી રહેલા વૈજ્ઞાનિક સમાનાંતર બ્રહ્માંડ માટે એક પોર્ટલ ખોલશે.

આર્થિક સંકટની વચ્ચે પાકિસ્તાનમાં વધ્યું ધર્માંતરણ

લાહોર, તા. ૧૧

પાકિસ્તાનના માનવાધિકાર પંચે દેશમાં ધાર્મિક લઘુમતીઓને સતત હાંસિયામાં ધકેલી દેવા પર ચિંતા વ્યક્ત કરી છે. પંચે 'એ બ્રિચ ઑફ ફેઃ ફ્રીડમ ઑફ રિલિજન અથવા બિલિફ ઈન ૨૦૨૧-૨૨' શીર્ષક હેઠળના તેના રિપોર્ટમાં ઘણી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. કમિશને કહ્યું છે કે, આ ચિંતાજનક ઘટનાક્રમો છે, જે ધર્મ અથવા આસ્થાની સ્વતંત્રતા પ્રત્યે રાજ્યની પ્રતિબદ્ધતાને માને છે. પાકિસ્તાનના સિંધમાં બળજબરીથી ધર્માંતરણની ઘટનાઓ ચિંતાજનક રીતે વારંવાર બની રહી છે. HRCPના અધ્યક્ષ હિના જિલાનીએ કહ્યું કે, ધાર્મિક લઘુમતીઓના પૂજા સ્થાનોને અપમાનિત કરવાના અહેવાલો છે, પરંતુ જયારે આવી ઘટનાઓમાં અહમદિયા સમુદાયના સ્થળોનો સમાવેશ થાય છે, ત્યારે પાકિસ્તાન તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. હિના જિલાનીએ કહ્યું કે, પંજાબમાં લગ્નના પ્રમાણપત્ર માટે વિશ્વાસની ફરજિયાત ઘોષણાએ અહમદિયા સમુદાયને વધુ હાંસિયામાં ધકેલી દીધો છે. પાકિસ્તાનમાં લઘુમતી સમુદાયો, જેમાં હિંદુઓ, ખ્રિસ્તીઓ, શીખો અને અહમદીઓનો સમાવેશ થાય છે, તેઓ હજુ પણ બહુમતી સમુદાય દ્વારા ભય અને સતાવણીના પડછાયા હેઠળ જીવે છે.

૨૦૨૨માં, પંજાબ, સિંધ અને ખૈબર પખ્તૂનખ્વાના શહેરો અને નગરોમાં લઘુમતી સમુદાયોના સભ્યો વિરુદ્ધ નિંદાના ઘણા કેસો નોંધાયા હતા. HRCP એ ૨૦૧૪ના સુપ્રીમ કોર્ટના જિલાની ચુકાદાની ભાવનામાં લઘુમતીઓ માટે એક પ્રતિનિધિ અને સ્વાયત્ત વૈધાનિક



રાષ્ટ્રીય આયોગની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો છે. HRCPએ બળજબરીથી ધર્માંતરણને અપરાધ બનાવવા માટે તાત્કાલિક કાયદો બનાવવાની પણ હાકલ કરી છે. અન્ય ભલામણો પૈકી, HRCPએ માંગણી કરી હતી કે રાજ્ય સાંપ્રદાયિક હિંસાનો સામનો કરવા માટે નક્કર પ્રયાસ કરે છે.

"આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત આયોજિત હેકાથોન ગ્રાન્ડ ફિનાલેનો શુભારંભ

સતત ૩૬ કલાક કામ કરતા રહીને જુદા-જુદા રજુ થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે કાર્યરત યુવા ઈજનેરો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

"જમીન વિના માત્ર પાણીના આધારે ખેતીની હાઈડ્રોપોનિક્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી, તેમાં ઓટોમેશનનો ઉપયોગ કરવાથી ઓછી જગ્યામાં બહુ નજીવી કિંમતે ફુલ્લી ઓટોમેટીક ટેકનોલોજીના ઉપયોગ થકી કોઈ પણ જાતના કેમિકલ વિનાની સંપૂર્ણ સાત્વિક ખેતી કરવાનો પ્રોજેક્ટ ઉપર અમે લોકો કામ કરી રહ્યા છીએ અને અમે અચુક સફળ થશું" આ શબ્દો છે હેકાથ્લોનના ગ્રાન્ડ ફિનાલેમાં કામ કરી રહેલા યુવા વૈજ્ઞાનિકોની ટીમના લીડર જય ખંભાયતાના. સરકારી ઈજનેરી કોલેજ-કણકોટ ખાતે "આઝાદીકા અમૃત મહોત્સવ" અંતર્ગત હેકાથોનનો ગ્રાન્ડ ફિનાલે યોજાયો હતો જેનો શુભારંભ દિપ પ્રાગટ્ય વડે મોરબી કલેક્ટર જી.ટી.પંડ્યા અને પી.જી.વી.સી.એલ.ના જોઈન્ટ એમ.ડી પ્રીતિ શર્માના હસ્તે કરવામાં આવ્યો હતો. આ તકે મોરબી કલેક્ટર જી.ટી.પંડ્યાએ કહ્યું હતું કે, પમી હેકાથોનની સ્ટાર્ટ અપ પોલીસી માટે ગ્રાન્ટ આપનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે અને છેલ્લા ત્રણ વર્ષથી રાષ્ટ્રીય સ્તરે ગુજરાતે

પુરસ્કારો જીત્યા છે. રાજ્યના યુવા અને સર્જનાત્મક લોકોનો જનહિતમાં યોગ્ય ઉપયોગકરીને દેશના વિકાસમાં તેમનેસહભાગી બનાવવામા સરકારની હેકાથ્લોન અને સ્ટાર્ટ અપ પોલીસીનું વિશેષ યોગદાનછે. આ તકે **PGVCL** અને સરકારી ઈજનેરી કોલેજ-કણકોટ વચ્ચે ૮૪ જેટલા ઉમેદવારોને ઈન્ટર્નશિપ/પ્રોજેક્ટ માર્ગદર્શન/નિષ્ણાત સેમિનારની તક પૂરી પાડવા માટે એમ.ઓ.યુ. ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જેનો ઉદ્દેશ્ય દેશ અને ગુજરાતના વિકાસ માટે સમસ્યાઓના નવતર ઉકેલો માટે યુવાનોનેસહયોગી પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટેકનિકલ શિક્ષણ વિભાગ, ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન તથા ગુજરાત નોલેજ સોસાયટી દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી(**SSIP**) અંતર્ગત, રાજ્યસ્તરે "આઝાદી કા અમૃત મહોત્સવ હેકાથ્લોન-૨૦૨૩" સ્પર્ધાનુંઆયોજન કરવામાંઆવ્યું છે.પસંદ થયેલા વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાનો આગળનો રાઉન્ડ એટલે કે ગ્રાન્ડ ફિનાલે આવતી કાલે શનિવારે સરકારી ઈજનેરી કોલેજ (જી.ઈ. સી.) રાજકોટ ખાતે યોજાશે. વિવિધ જિલ્લાઓના મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેક્ટર કચેરી, મામલતદાર કચેરી, ડી.ડી.ઓ ઉપરાંત વિવિધ સરકારી વિભાગોતથા ઔદ્યોગિક એકમો પાસેથી મેળવેલા પ્રશ્નોનું નિરાકરણ શોધવા આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાંએન્જીનીયરીંગ ક્ષેત્રઉપરાંત ફાર્મસી કોલેજોમાંથી કુલ ૪૫ ટીમ બનાવી આશરે ૨૭૫ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. સમગ્ર ગુજરાતની ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સ્પર્ધા દરમ્યાન સતત ૩૬ કલાક સુધી પોતાના તકનીકી કૌશલ્યનો ઉપયોગ કરી અત્રે રજૂ થયેલ પ્રશ્નોના ઉકેલ સૂચવશે, અને પરંપરાગત કાર્ય પદ્ધતિને વધુ સરળ બનાવવા કાર્યક્ષમ નિવારણ પ્રદર્શિત કરશે. સ્પર્ધા દરમ્યાન સંસ્થા હટે આવેલા તમામ વિદ્યાર્થીઓ, મેન્ટરની રહેવા જમવાની સુંદર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર કે.બી.શાહ આચાર્ય ડો. કે.જી. મારડિયા, કોઓર્ડીનેટર કે.બી. રાઠોડ, મહેશ ટીટીયા, સંજય ભંડેરી, જય પંડ્યા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

૧૧ ફેબ્રુઆરી– વિજ્ઞાન ક્ષેત્રની મહિલાઓ–યુવતીઓ માટેનો આંતરરાષ્ટ્રીય

સમાજ અને દેશની પ્રગતિમાં નારીનું અનેરૂ યોગદાન આ વર્ષની થીમ -''આઈડિયાઝ ઈનોવેટ, ડેમોન્સ્ટ્રેટ, એલિવેટ, એડવાન્સ, સસ્ટેઈન'' રીજીયોનલ સાયન્સ સેન્ટર દ્વારા યોજાનારી વિવિધ સ્પર્ધાઓ

યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ ૨૦૧૩માં સમાજના વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં મહિલાઓની સામેલગીરી વધારવા અંગે એક ઠરાવ પસાર કર્યો છે, જે મુજબ વિજ્ઞાન ક્ષેત્રે મહિલાઓ અને યુવતીઓના સશકત, સંપૂર્ણ અને સમાન પ્રવેશ તથા ભાગીદારી હોવી જરૂરી છે. યુનાઈટેડ નેશન્સની સાધારણ સભા દ્વારા ૧૧ ફેબ્રુઆરીના રોજ "વિજ્ઞાનક્ષેત્રની મહિલાઓઅને યુવતીઓમાટેના આંતરરાષ્ટ્રીય દિવસ''ની ઉજવવાણી કરવામાં આવે છે. જેનું આ વર્ષની ઉજવણીનું થીમ છે - ''આઈડિયાઝ ઈનોવેટ, ડેમોન્સ્ટ્રેટ, એલિવેટ, એડવાન્સ, સસ્ટેઈન'' વિજ્ઞાન ક્ષેત્રે ભારતને ગૌરવ અપાવનાર આનંદીબાઈ ગોપાલરાવ જોશી પ્રથમ મહિલા ડોકટર હતા. બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર જનરલનું પ્રતિષ્ઠિત પદ સંભાળનાર પ્રથમ મહિલા જાનકી અમ્મલ, વૈજ્ઞાનિક વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી ધરાવનાર અને ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સના પ્રથમ મહિલા ડિરેક્ટર કમલા સોહોની, જાણીતા અવકાશયાત્રી કલ્પના ચાવલા, મિસાઈલ વુમન ટેસી થોમસ, માર્સ ઓર્બીટર મિશનના રીતુ કરીધલ સહિતની ભારતીય મહિલાઓએ વિજ્ઞાન જગતમાં

વિશ્વભરમાં ડંકો વગાડ્યો છે. સમાજ અથવા દેશની પ્રગતિ તે સમાજ અને દેશમાં રહેતી મહિલાઓએ હાંસલ કરેલી પ્રગતિ દ્વારા મપાય છે - ડો. બાબા સાહેબ આંબેડકર. ઉપરના શબ્દો નારીનુંમહત્વ દર્શાવે છે. નારી એ નારાયણી અને શકિતસ્વરૂપા છે, સમાજની રૂઢિવાદી પરંપરાને બદલવાનો જુસ્સો ધરાવે છે. એ પરિવારથી લઈને દેશ અને દુનિયાની પરિસ્થિતિને બદલવાની તાકાત ધરાવે છે.એનીડર છેઅને એટલે જ એ લીડર છે અને એ આજની મહિલાઓ છે. ભારતીય સંસ્કૃતિએક અનોખી સંસ્કૃતિ છે, કે જ્યાં નારીઓને દેવીનો દરજ્જો આપી પૂજવામાં આવે છે. કુદરતની સૌથી સુંદર રચના સ્ત્રી છે, જેનામાં સૌંદર્ય, આંતરિક તાકાત અને બુદ્ધિ જેવા ગુણોનો સંગમ જોવા મળે છે. સભ્યતા અનેસંસ્કૃતિના કેન્દ્રમાં સ્ત્રીઓ છે. કેમકે આજની સ્ત્રીઓ પુરૂષો સાથે ખભેખભામિલાવીને રાજનીતિ, યુદ્ધમેદાન, રમતગમત, વિજ્ઞાન જગત, વહીવટ, શિક્ષણ તેમજ વ્યવસાય જેવા તમામ ક્ષેત્રોમાં જોડાઈને પોતાનું આગવું સ્થાન સ્થાપિત કરી રહી છે. આમ, છતાંય અમુક સમાજ અને સમુદાયોમાં મહિલાની સ્થિતિ ઘણી દયનીય અને પછાત છે. આ સ્થિતિને સુધારવા માટે દેશ અને દુનિયા દ્વારા વિવિધ પ્રયાસોહાથ ધરવામાં આવે છે. જેમાં આમ, દર વર્ષે ૧૧ ફેબ્રુઆરીના રોજ ઉજવાતા ''વિજ્ઞાન ક્ષેત્રની મહિલાઓઅને યુવતીઓમાટેના આંતરરાષ્ટ્રીય દિવસ''ની ઉજવણી અંતર્ગત મહિલાઓ અને યુવતીઓમાં વૈજ્ઞાનિક અભિરૂચિ, જાગૃતિ અને સંશોધનાત્મક અભિગમને પ્રોત્સાહન આપવા માટે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટ ખાતે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવશે. જેમાં ગર્લ ચાઈલ્ડ સાયન્ટિસ્ટ અને ભારતીય પેટન્ટધારક ભગવતીબા જાડેજા સાથે લાઈવ ઈન્ટરએક્શન સાંજે ૦૫ વાગ્યે યોજાશે. આ ઉપરાંત "જો હું વૈજ્ઞાનિક હોઉં" વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન થશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા **https://bit.ly/3RMcXwN** તથા ઈમેલ માટે **info-rsm-rjt@gujarat.gov.in** તેમજ વધુ વિગતો માટે ૦૨૮૧-૨૯૯૨૦૨૫ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

આલેખન : રિધ્ધિ ત્રિવેદી

ખંભાળિયા નજીકના ટોલનાકે વધુ એક બબાલ : કાર સવાર યુવાનો ઉપર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયા - જામનગર માર્ગ ઉપર આવેલા ટોલનાકા ખાતે ગઈકાલે કારમાં જઈ રહેલા ત્રણ યુવાનો સાથે ઝપાઝપી કરી, જીવલેણ હુમલો કરવા સબબ કુલ ૧૪ શખ્સો સામે રાયોટીંગ સહિતની જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયાના હર્ષદપુર વિસ્તારમાં આવેલી શિવમ સોસાયટી-૧ ખાતે રહેતા દેવુભાઈ ડાડુભાઈ ચાવડા નામના ૩૮ વર્ષના યુવાન ગઈકાલે બપોરના સમયે ખંભાળિયા-જામનગર હાઈવે ઉપર ધરમપુર-દાતા ટોલનાકા પાસેથી પોતાની જી.જે. ૦૧ કે.એન. ૮૫૭૮ નંબરની સ્વીફ્ટ ડિઝાયર મોટરકાર લઈને જામનગરથી ખંભાળિયા તરફ આવી રહ્યા હતા, તે દરમ્યાન તેમની કાર ફાસ્ટટેગ દ્વારા ટોલ ટેક્સ કપાવવા માટે આ સ્થળ ઉભી રાખી હતી. આ દરમ્યાન કોઈ કારણોસર આ સ્થળે રહેલા કેટલાક શખ્સો હથિયારો સાથે તેમની પાસે આવ્યા હતા અને કિશન ગઢવી નામના શખ્સે ફરિયાદી દેવુભાઈ ચાવડાને ટોલટેક્સ આપવા કહેતા તેમણે ફાસ્ટટેગ વડે ટોલ ટેક્સ આપવાનું કહ્યું હતું. આનાથી કોઈ કારણોસર ઉશ્કેરાયેલા નાગડા ગઢવી, સામરા ગઢવી, રાજદિપસિંહ, ધવલ ગઢવી, નિખિલ, સુનિલગીરી, અનોપ મેનેજર અને પ્રકાશ ગઢવી નામના શખ્સોએ દેવુભાઈ સાથે બોલાચાલી કરી તેમને બિભત્સ ગાળો કાઢી હતી. આટલું જ નહીં, આરોપી કિશન ગઢવી, નાગડા ગઢવી અને સામરા ગઢવીએ દેવુભાઈને માર મારી તેમની મોટરકારની ચાવી કાઢી લીધા બાદ તેમને થોડે દૂર જઈ અને ઝપાઝપી કર્યા પછી ઓફિસની અંદર લઈ જઈને આરોપીઓએ ફરિયાદી દેવુભાઈ તથા તેમની સાથે રહેલા સાહેદ પરેશભાઈ લાખાભાઈ ચાવડા અને જયદીપસિંહ ચંદ્રસિંહ જાડેજાને બિભત્સ ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ આરોપીઓએ ફરિયાદી દેવુભાઈ તથા તેમની સાથેના સાહેદોને મારી નાખવાના ઈરાદાથી અન્ય એક આરોપી હર્ષદ ગઢવીએ પરેશ ચાવડાને માથામાં ધોકો ફટકારી દીધો હતો. જ્યારે આરોપી અનોપ મેનેજરએ જયદીપસિંહને ધોકા વડે માર મારી, ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ દરમિયાન ૦૦૦૭ નંબરની થાર મોટર કારમાં આવેલા આરોપી ઉદય ગઢવી અને સાજા ગઢવીએ ફરિયાદી દેવુભાઈ તથા સાહેદોને ઓફિસમાં બંધ કરી આ ઓફિસમાં કિશન ગઢવીએમારી નાખવાના ઈરાદાથી ફરિયાદી દેવુભાઈને બેફામ માર મારતા તેમને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત અન્ય આરોપી યાસીન અને મનોજ ગઢવીએ પણ માર માર્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ બનાવના પગલે ટોલનાકે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય સહિતના અધિકારીઓ દોડી ગયા હતા અનેસીસીટીવી કેમેરા કબજે લેવા અંગેની કાર્યવાહી કરી હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવાનોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર બનાવ અંગે ખંભાળિયા પોલીસે દેવુભાઈ ચાવડાની ફરિયાદ ઉપરથી ગેરકાયદેસર મંડળી રચી, મારી નાખવાના ઈરાદે હુમલો કરવા સબબ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

દ્વારકામાં અઢી દાયકા પૂર્વે પેટ્રોલ પંપમાં લૂંટ પ્રકરણના બે પરપ્રાંતીય ફરાર આરોપીઓને દબોચી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

દ્વારકા પંથકમાં આજથી આશરે ૨૩ વર્ષ પૂર્વે એક પેટ્રોલ પંપમાં લૂંટ થયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. આ પ્રકરણમાં નાસતા ફરતા એવા મૂળ મધ્ય પ્રદેશ રાજ્યના જાંબવા ગામના બે શખ્સોને એલસીબી પોલીસે ખંભાળિયા નજીકથી દબોચી લીધા હતા. સમગ્ર ગુજરાત રાજ્યમાં બે દાયકાથી વધુ સમયથી ગુનો આચર્યા બાદ પોલીસની પકડથી દૂર નાસતા ફરતા આરોપીઓ સામે રાજ્યના ગૃહ વિભાગ દ્વારા એક પરિપત્ર જાહેર કરી, આવા ૧૦ ગુનેગારના નામ જાહેર થયા હતા. જેના ઉપર સરકાર દ્વારા રૂા.૧૦,૦૦૦ના ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. દ્વારકા - ઓખા હાઈ-વે ઉપર આવેલા વરવાળા ગામ નજીક આવેલા વી.એમ. બારાઈ પેટ્રોલ પંપમાં આજથી આશરે ૨૩ વર્ષ પહેલાં લૂંટ થયાનો બનાવ બનવા પામ્યો હતો. આ પ્રકરણમાં જે-તે સમયે મધ્યપ્રદેશ રાજ્યના કલ્યાણપુરા તાબેના જાંબવા ગામે રહેતા તેરૂ જીતરા ભુરીયા અને કૈલાશ પુનિયા ભુરીયા નામના બેશખ્સો સામે ગુનો નોંધાયો હતો. લૂંટબાદ આ બંને આરોપીઓ લાંબો સમયથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. રાજ્ય સરકારના નાસતા ફરતા આરોપીઓ અંગેની યાદી બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયની સૂચના મુજબ એલસીબી વિભાગ દ્વારા આ અંગે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેઅંતર્ગત એલસીબીના પી.આઈ. કે.કે. ગોહિલની રાહબરી હેઠળ એલસીબીના એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, હેડ કોન્સ્ટેબલ લખમણભાઈ પિંડારિયા તેમજ એ.એસ.આઈ. ભરતભાઈ ચાવડાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત બંને શખ્સોને ખંભાળિયા નજીકના દ્વારકા હાઈ-વે માર્ગ ઉપર આવેલી પાયલ હોટલ પાસેથી ઝડપી લેવામાં આવ્યા હતા. ઉપરોક્ત બંને શખ્સોની પોલીસે અટકાયત કરી, વધુ કાર્યવાહી અર્થે તેનો કબજો દ્વારકા પોલીસને સોંપવામાં આવ્યો છે. ઉપરોક્ત આરોપીઓની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન આ ગુનામાં અગાઉ પકડાયેલા આરોપીઓ સાથે મળીને ભૂતકાળમાં પેટ્રોલ પંપમાં લૂંટ, ઘરફોડ ચોરી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાની કબુલાત પણ પોલીસ સમક્ષ આપી હતી. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એસ.આઈ. વિપુલભાઈ ડાંગર, મસરીભાઈ ભારવાડીયા, લાખાભાઈ પિંડારિયા, ગોવિંદભાઈ કરમુર, વિશ્વદિપસિંહ જાડેજા, ભાણવડના ભરતભાઈ ચાવડા તથા ટેકનિકલ સેલના સુનિલભાઈ કાંબરીયા દ્વારા કરવામાં આવી હતી.

રવિવારે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા રાજકોટના પ્રવાસે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા તા.૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦:૨૦ કલાકે પ્રાંસ્લા ખાતે યોજાનાર ૨૩મી રાષ્ટ્ર કથા શિબિરમાં હાજરી આપશે. તેમજ બપોરે ૨:૨૫ વાગ્યે રાજકોટના હીરાસર ખાતે નિર્માણાધીન એઈમ્સની મુલાકાત લઈ ત્યાં ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરશે. ઉપરાંત, સાંજે ૫ વાગ્યે સયાજી હોટેલ ખાતે "અમૃત કાલ બજેટ ૨૦૨૩-૨૪" અંગેના સંવાદ કાર્યક્રમમાં હાજરી આપશે.

મંત્રી ભાનુબેન બાબરીયાનો રાજકોટનો પ્રવાસ કાર્યક્રમ

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા તેમજ મહિલા અનેબાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા રાજકોટ ખાતે તા.૧૨ ફેબ્રુઆરીએ સવારે ૯:૩૦ કલાકે વોર્ડ નં ૧૧ ખાતે સ્પીડવેલ ચોકથી જેટકો ચોકડી સુધીનાં નવા રોડ તથા ગોલ્ડન આર્ક, મોટા મવાનાં નવા રોડના ખાતમુહૂર્તમાં જોડાશે. ત્યાર બાદ વોર્ડ નં. ૧૨ ખાતે નવા આધુનિક ગાર્ડનના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૃમિનાશક દિવસ અંતર્ગત પ્રથમ દિવસે બે લાખ જેટલા બાળકોને દવાનું વિતરણ થયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

કૃમિના ચેપથી બચવા માટે ૧ વર્ષથી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકોના સ્વાસ્થ્ય ઉપર અનેક ગંભીર અસરો જેવી કે લોહીની ઉણપ, પાંડુરોગ, કુપોષણ, ભૂખ ન લાગવી, બેચેની, પેટમાં દુખાવો, ઝાડા-ઉલટી, વજનમાં સતત ઘટાડો, વિગેરે જેવા અનેક ચિન્હો બાળકોમાં મુખ્યત્વે જોવા મળેછે. બાળકોની આ સમસ્યાના નિવારણ માટે સમગ્ર રાજ્ય અને જિલ્લામાં તા.૧૦ થી તા. ૧૭ ફેબ્રુઆરી સુધી ''રાષ્ટ્રીય કૃમિ મૂકિત અઠવાડીયા' અન્વયે શાળા અને આંગણવાડી કેન્દ્રોના સહકારથી કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલની ગોળી) નિઃશુલ્ક આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ કૃમિનાશક દવા (આલ્બેન્ડાઝોલની ગોળી) બાળકોને ખવડાવવામાં આવશે. જેમાં ૧ થી ૫ વર્ષના બાળકોનેઆ દવાનો એક ડોઝ આંગણવાડી કેન્દ્ર ઉપર ખવડાવવામાં આવશે. ૬ થી ૧૯ વર્ષના બાળકોને આ દવા શાળા મારફતે કોરોનાની ગાઈડલાઈનને અનુસરીને ખવડાવવામાં આવશે. આ રાઉન્ડના પ્રથમ દિવસે ગઈકાલે શુકવારે ખંભાળિયા તાલુકાના ૬૯૬૯૫, દ્વારકા તાલુકાના ૪૫૦૧૬, કલ્યાણપુર તાલુકાના ૫૩૮૩૫ અને ભાણવડ તાલુકાના ૩૦૧૨૦ મળી, જિલ્લાના કુલ ૧,૯૮,૬૬૬ બાળકોને આલ્બેન્ડાઝોલ દવા ખવડાવવામાં આવી હતી.

બંધ કે પડતર મકાનમાં મિલ્કત વેરામાં રાહત આપવી જોઈએ

મુક્ત મંતવ્ય

બંધ કે પડતર મકાનના મિલ્કત વેરામાં કોર્પોરેશન તરફથી કાંઈક વેરા રાહત અપાયે અવો નિયમ છે. આને માટે મકાનમાં નળ કનેકશન છે કેનહીંતેની સ્પષ્ટતા સાથે છેલ્લા ૯ માસના લાઈટ બીલો સામેલ રાખી સાદા કાગળમાં અરજી કરવાની હોય છે. અરજી મળ્યેથી મહાનગરપાલિકા સ્થળ તપાસના રીપોર્ટના આધારે નર્ણય લેતી હોય છે. હવે મકાનમાં વર્ષોથી લાઈટનું મીટર જ ના હોય તો, સ્વભાવિક છેલ્લા ૯ માસના બીલો પણ ઉપલબ્ધ ન જ હોય. તો આવા પ્રસંગે આ મકાનમાં લાઈટનુ મીટર નથી એવો પીજીવીસીએલનો દાખલો માંગવામાં આવતો હોય છે. પરંતુ મકાનમાં લાઈનું મીટર જ ન હોય તો, ગ્રાહક તરીકેનો સંબંધ ગણાતો ન હોય જેથી પીજીવીસીએલ આવો દાખલો આપતી નથી. હવે આવો દાખલો આ કારણે રજુ ના થઈ શકે તો મહાનગરપાલિકા તેના બદલે એક દસ્તાવેજ તરીકે સોગંદનામું રજુ કરવા જણાવે છે. પરંતુ સોગંદનામાનો સમાવેશ એક દસ્તાવેજ તરીકે થતો નથી. વળી સ્થળ તપાસના રીપોર્ટના આધારે નિર્ણય લઈ શકાતો હોય છે. તો આવા સંજોગોમાં અરજીકર્તાઓને સોગંદનામામાંથી મુકતી આપવી જોઈએ. હજાર-બારસોના ફાયદા સામે ગ્રાહકને ચારસો-પાંચસોનો ખર્ચ થતો હોય છે. આમ બે માં ત્રીજો ફાવે એમ બને છે. આથી જેમ રાજય સરકારે કેટલાક કિસ્સાઓમાં સોગંદનામાને બદલે સાદા કાગળ ઉપરનું કબુલાતનામું માન્ય રાખવાનું ઠરાવેલ છે તેમ મહાનગરપાલિકાએ પણ કરવું જોઈએ. કોઈ મિલ્કતની વેરાની આકારણી વખતે જેમ સોગંદનામાની લેવડ-દેવડ થતી નથી તેમ વેરા રાહત વખતે પણ સ્થળ તપાસના રીપોર્ટને જ આખરી ગણવો જોઈએ. મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ, અધિકારીઓ/પદાધિકારીઓ જો યોગ્ય લાગે તો આ બાબત વિચારણામાં લઈ શકે અને એક સમાન અમલ થાય તે પણ જોઈ શકે.

ભારતીય મહિલા વૈજ્ઞાનિકો

સ્ત્રીઓ-પુરૂષો સાથે કદમ મિલાવી રહી છે અને દરેક ક્ષેત્રમાં સમાન સ્થાન પ્રાપ્ત કરવા લાગી છે. ઉંબરાની બહાર અંબર સુધી પહોંચી શકી છે. તારીખ ૧૧મી ફેબ્રુઆરી એટલે કે મહિલાઓનો આંતરરાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ. અહીં ભારતની એવી સ્ત્રીઓની વાત છે જેઓએ વિજ્ઞાનના ક્ષેત્રમાં ઘણા વર્ષો પહેલા પણ પોતાનો નોંધનીય ફાળો આપીને દેશનું ગૌરવ વધાર્યું છે. સૌપ્રથમ વાત કરીએ જાનકી અમ્માલ કે જેઓ બોટેનિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર પદને શોભાવ્યું હતું . લગભગ ૪૫ વર્ષ પહેલા ભારત સરકારે તેઓને પદ્મશ્રી સન્માનથી નવાજેલા ત્યારે તેઓ દેશના સૌપ્રથમ પદ્મશ્રી સન્માનિત મહિલા વૈજ્ઞાનિક હતા. અસીમા ચેટરજીએ પણ એન્ટી મેલેરિયા તેમજ એપીલેપ્સી એટલે કે વાઈના રોગની દવાના સંશોધનમાં મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. આનંદીબાઈ ગોપાલ રાવ જોશી જેવો પ્રથમ મહિલા ચિકિત્સક હતા અને લગ્ન પછી મેડિકલ અભ્યાસમાં પ્રવેશ મેળવી સફળતા મેળવી હતી. તેઓએ પણ તબીબી વિજ્ઞાનમાં સારૂ એવું યોગદાન આપેલું હતું. આધુનિક સમયમાં મહિલાઓ વિજ્ઞાન અનેટેકનોલોજી માં પોતાનું યોગદાન આપી રહી છે. એરોસ્પેસ, મેડિકલ સાયન્સ, બાયોટેકનોલોજી, હવામાન શાસ્ત્ર જેવા ક્ષેત્રમાં મહિલાઓએ પ્રવેશ કર્યો છે. ડોક્ટર લલિતાંબિકા જેઓ રોકેટ એન્જિનિયર છે અને ઘણા વર્ષોથી ઈસરોમાં કાર્યરત છે. તેઓએ પણ ગગનયાન પ્રોજેક્ટનું નેતૃત્વ સંભાળ્યું છે. ભારતીય મૂળની અવકાશયાત્રી નારીઓ કલ્પના ચાવલા અનેસુનિતા વિલિયમ્સ પણ મોખરે છે. માર્સ મિશન, ચંદ્રયાન ૨, ઈન્સેટ **3DS** અને અંતરીક્ષ ઉપકરણના વિશેષજ્ઞ મીનલ સંપથ તેમજ ઈસરોના અન્ય મહિલા વૈજ્ઞાનિકો વૈશ્વિક સ્તરે જાણીતા બન્યા છે. હજુ પણ મહિલા વિજ્ઞાનીઓની સંખ્યા વધે અને મહિલાઓના પ્રયોગો રસોડામાં સંકેલાઈ જવાને બદલે પ્રયોગશાળા સુધી પહોંચી સમગ્ર દેશ અને વિશ્વને ઉપયોગી થાય એવું ઈચ્છીએ. આત્મદ્રષ્ટિ, આઈડિયા, નવીનીકરણ અને સંશોધન સ્ત્રીઓમાં ભરપૂર રહેલા છે. પરંતુ વિજ્ઞાનના ક્ષેત્રમાં પુરુષોની સરખામણીએ મહિલાઓનું પ્રતિનિધિત્વ ખૂબ જ ઓછું છે જે આવનારા સમયમાં વધે એવી શુભેચ્છાઓ.

- પ્રેસિડેન્ટ, વુમન સોશિયલ વેલફેર ગ્રુપ, ઓખા પોર્ટ

ભારે ધુમ્મસને કારણે આજે જૂનાગઢ શહેર સહિત ગિરનાર ઉપર હિલસ્ટેશન જેવો માહોલ

ગિરનાર પર્વત ધુમ્મસથી ઢંકાઈ જતાં કુદરતી નજારાનો લ્હાવો લેતા અસંખ્ય પ્રવાસીઓ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૧૧

પ્રકૃતિથી હર્યોભર્યો અને કુદરતી ખજાનોજયાં અખુટ ભર્યો છે એવા જૂનાગઢ નજીકઆવેલા ભવનાથ ક્ષેત્ર અને ગિરનારની પર્વતમાળા અહીં આવનારા ભાવિકો અને પ્રવાસીઓ માટે કાયમને માટે આકર્ષણનું કેન્દ્ર રહેલ છે. સિધ્ધ સંતો માટે સાધના માટેનું પણ શ્રેષ્ઠ સ્થળ ગિરનાર ક્ષેત્ર ગણાય છે ત્યારે છેલ્લા ત્રણ દિવસ થયા ગિરનાર પર્વત ઉપર છવાઈ રહેલા ઘુમ્મસને કારણે કુદરતી નજારોજોવા મળી રહયો છે. અહી આવનારા હજારો પ્રવાસીઓએ તેને નિહાળવાનો લ્હાવો લીધો હતો.

જૂનાગઢ શહેરમાં છેલ્લા ત્રણ દિવસાથી ઠંડીમાં રાહત થવા પામ્યા બાદ આજે ફરી ઠંડીમાં વધારો જોવા મળ્યો હતો. અને આજે વહેલી સવારે ભારે ઘુમ્મસ જોવા મળી હતી. અને જૂનાગઢ શહેર અને ગિરનાર ઉપર હિલસ્ટેશન જેવો માહોલ જોવા મળતો હતો. ગિરનાર પર્વત ઘુમ્મસથી ઢંકાઈજવા પામ્યોહતો જેનો લ્હાવો પ્રવાસીઓએ લીધો હતો. ભારે ઘુમ્મસથી લોકોને વાહનોની લાઈટ પણ ચાલુ રાખવી પડી હતી. ખાસ કરીને બાયપાસ રોડ ઉપર ભારે વાહનોનાં ચાલકોને રસ્તા ઉપર ઘુમ્મસથી કાંઈપણ દેખાતું ન હોવાથીલાઈટો ચાલુ રાખી ધીમી સ્પીડે વાહન ચલાવવા પડયા હતાં. આ ઉપરાંત ઝાંઝરડા રોડ, મોતીબાગ, સાબલપુર ચોકડી તેમજ ભવનાથ ક્ષેત્રનાં રોડ ઉપર ઘુમ્મસભર્યુ વાતાવરણ સર્જાયું હતું.

જૂનાગઢમાં છેલ્લા ત્રણ દિવસથી ઠંડી ઓછી થઈ હતી. આજે સવારે જૂનાગઢ જાણે ઘુમ્મસની ચાદરમાં ઢંકાઈ ગયું હોયતે રીતે ગાઢ ઘુમ્મસ શહેરમાં જોવા મળ્યું હતું. શહેર તેમજ ગ્રામ્યના અલગ અલગ વિસ્તારોમાં ગાઢ ઘુમ્મસરની ચાદર છવાઈ જવાથી વાહન ચાલકોને વાહન ચલાવવામાં ખુબ મુશ્કેલીઓ પડી હતી. બેદિવસથી ઠંડીનું પ્રમાણ ઘટયું છે. જે બાદ આજે સવારે વાતાવરણમાં ગાઢ ઘુમ્મસ છવાઈ ગયું હતું અને વિઝીબીલીટી ઘટી હતી જેથી સવારે સ્કુલે જતાં બાળકો તથા મોર્નિંગવોક માટે નીકળતા લોકોને પણ વાહનો ચલાવવામાં મુશ્કેલી પડી હતી. દિવસે પણ ગાઢ ઘુમ્મસ છવાઈ જતાં વાહન ચાલકોએ પોતાનાં વાહનની લાઈટનો સહારો લેવો પડયો હતો. શહેર તેમજ ગ્રામ્યમાં ઘુમ્મસની ચાદર છવાઈ હતી. જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ, મધુરમ, મોતીબાગ, સાબલપુર, જૂનાગઢ-સોમનાથ બાયપાસ હાઈવે રોડ ઉપર ઘુમ્મસાની ચાદર છવાઈ ગઈ હતી. આ સાથે જૂનાગઢ ગ્રામ્ય વિસ્તારનાં રસ્તાઓ પણ આ ઘુમ્મસની ગાઢ ચાદરમાં ઢંકાઈ ગયા હતાં. જયારે ગિનાર અને ભવનાથ તળેટી વિસ્તારમાં જાણે હિલસ્ટેશન જેવો માહોલ સર્જાયો હતો. ગિરનાર ઉપર આવતા પ્રવાસીઓએ ગાઢ ઘુમ્મસ વચ્ચે પ્રવાસ ખેડીને માતાજીનાં દર્શન કરીને દતાત્રેય સુધી પહોંચ્યા હતાં. આમ આજે ભારે ઘુમ્મસને કારણે લોકોને સવારમાંભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

જૂનાગઢનાં દોલતપરા ખાતે લોખંડનાં પાઈપ-ધોકા વડે હુમલો : ત્રણ સામે ફરિયાદ

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢનાં દોલતપરા વિસ્તારમાં ગઈકાલે બનેલા બનાવમાં બોલાચાલી બાદ લોખંડનાં પાઈપ અને ધોકા વડે હુમલાની ફરિયાદ ત્રણ સામે નોંધાઈ છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢનાં સરદારબાગ, ફોરેસ્ટ કોલોની ખાતે રહેતા સંજયરાજ અરજણભાઈ મુળીયા (ઉ.વ.૪૧)એ કેતન ખાણીયા, ગોજીયા તેમજ એક અજાણ્યો માણસ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં ફરિયાદી દોલતપરા પોલીસ ચોકી સામે આવેલ એક દુકાન ઉપર જમવા ગયા હતા. આ વખતે બાજુમાં છકડો રીક્ષામાં તાજુ શાકભાજી ભરેલ હોય અને આ શાકભાજીની છકડો રીક્ષાની બાજુમાં આ કામનાં આરોપીઓ મોટરસાઈકલ લઈ ઉભેલ હોય જે શાકભાજી લેવા બાબતે આરોપી તથા ફરિયાદી વચ્ચે બોલાચાલી થતા આરોપીઓએ ફરિયાદીને લોખંડ પાઈપ તથા લાકડાનાં ધોકા વડે માથામાંતથા વાસામાં અને પગમાં ઈજાઓ કરી ફરિયાદીને બિભત્સ શબ્દો કહી માથાનો ભાગે લોખંડનો પાઈપનો માર મારતા અલગ-અલગ બે જગ્યાએ ઈજાઓ પહોંચાડી હતી. દરમ્યાન ફરિયાદીસાથેનાં આઝપાઝપીમાં ફરિયાદીનોમોબાઈલ ફોન તથા ગળામાં પહેરલ સોનાનો ચેઈન પડી જતા એકબીજાએમદદગારી કર્યાની આરોપીઓ વિરૂધ્ધ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલકરેલછે. આ બનાવની વધુ તપાસ બી ડીવીઝન પોલીસ ચલાવી રહી છે.

ભવનાથ પોલીસ દ્વારા પોલીસ પ્રજાનો મિત્ર છે સુત્રને સાર્થક કરી સરાહનીય કામગીરી કરી

ઘરેથી કોઈને કહ્યા વિના ચાલી આવેલી દિકરીને તેનાં પરિવારજનોને સોંપી અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

આગામી દિવસોમાં શિવરાત્રી આવતી હોય આઈજીપી મયંકસિંહ ચાવડા તથા પોલીસ અધિક્ષક રવિ તેજાવાસમ શેટી તથા ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ ભવનાથમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન પેટ્રોલિગ કરવા સુચના કરેલહોયતે અન્વયેપીએસઆઈ મહિપતસિંહ ચુડાસમા તથા સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન ગિરનારની સીડી પાસે એક છોકરી એકલી બેઠી હોય આથી પીએસઆઈ ચુડાસમાને અજુગતું લાગતા તેઓએ આ છોકરીને નામઠામ પૂછતા કંઈ જવાબ આપેલ નહીં આથી મહિલા પોલીસનેબોલાવી પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયેલ અને તેને આશ્વાસન આપી ચા-પાણી, નાસ્તો કરાવી એનું નામઠામ પૂછતા તેણે રાજકોટની રંગીલા સોસાયટીમાં રહેતી હોવાનું અનેપોતાનું નામ મધુબેન શેતાનભાઈ કટારા હોવાનું જણાવેલ અને પોતે મોબાઈલમાં વાતો કરતીહોય આથી તેના પિતા ખીજાતા પાંચેક દિવસથી ઘરેથી નીકળી ગયેલ હતી. આથી તેની પાસે તેના પિતાના નંબર માંગતા નહીં હોવાનું જણાવેલ આથી રાજકોટ રંગીલા સોસાયટી કુવાડવા પોલીસ સ્ટેશનમાં આવતી હોય ત્યાંના પોલીસ સ્ટાફને આ છોકરીના ફોટા મોકલી ખરાઈ કરાવતા રંગીલા સોસાયટીમાં તેના પિતા શેતાનભાઈ રહેતા હોય તેઓનો કોન્ટેક કરી તાત્કાલિક તેમના કાકા-કાકી, મામા વગેરેને જૂનાગઢ ભવનાથ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી આ છોકરીને સોંપી આપેલ હતી. આમ તેની સાથે કોઈ અણ બનાવ બને કે કોઈ જંગલી જનાવર નુકસાન કરે તે પહેલા પીએસઆઈ ચુડાસમાએ આ છોકરીનો મિલાપ તેના માવતર સાથેકરાવયો હતો. તેના માતા-પિતા તેનેશોધતા હોયખૂબ જ ચિંતામાં હતા અને તેમની દીકરી મળી જતા પોલીસનો આભાર માનેલ હતો. આમ પોલીસ પ્રજાનો મિત્ર છે તે ફરી એક વખત ભવનાથ પોલીસે સાબિત કરેલ છે.

ભારતી આશ્રમમાં શિવરાત્રી પર્વ પ્રસંગે ભજન, ભોજન અને ભક્તિનો રચાશે ત્રિવેણી સંગમ

૧૫ ફેબ્રુઆરીએ ધ્વજારોહણ, તા.૧૬ થી ૧૮ દરમ્યાન સંતવાણીના કાર્યક્રમો

જૂનાગઢ તા. ૧૧

દત્ત અને દાતારના જયાં બેસણા છે, સ્વયંભૂ ભવનાથ મહાદેવ જયાં બિરાજમાન છે એવી પવિત્ર તિર્થ ભૂમિ ગિરનાર ક્ષેત્રમાં દર વર્ષે મહાશિવરાત્રીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. દર વખતની જેમ આવર્ષે પણ ભારતી આશ્રમમાં મહાશિવરાત્રીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે તા. ૧૫-૨-૨૩ થી ૧૮-૨-૨૩ દરમ્યાન મહાશિવરાત્રી મેળાનં ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ભારતી આશ્રમના ગાદીપતિ મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ હરીહરાનંદ ભારતી બાપુતેમજ લઘુ મહંત મહાદેવ ભારતી બાપુ, સર્વે સાધુ-સંતો, મહંતો તથા ભાવિક ભકતોને મહાશિવરાત્રીના મેળામાં પધારવા તથા ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમનો આનંદ લેવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે. શિવરાત્રી મેળા દરમ્યાન તા.૧૫-૨-૨૩ ના રોજ સવારે ૯ કલાકે ધ્વજારોહણ, તા.૧૫ થી ૧૭ દરમ્યાન ભોજન પ્રસાદ તથા તા.૧૮ ના રોજ ફળાહાર પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. તા.૧૬ થી ૧૮ દરમ્યાન રાત્રે ૯ કલાકે નામી -અનામી કલાકારો ભજન-સંતવાણી પીરસશે. તા.૧૮ના રાત્રે ૧૨ કલાકે શાહી સ્નાનની સાથે કાર્યક્રમની પુર્ણાહુતિ થશહે. આ મહાશિવરાત્રી મહોત્સવમાં ભારતી આશ્રમ ખાતે ભજન-ભોજનનો આનંદ લેવા અચુક પધારવા ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.

વિસાવદર તાલુકાનાં નવાણીયા ગામે છરી વડે હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

વિસાવદર તાલુકાનાં નવાણીયા ગામે રહેતા પંકજભાઈ વજુભાઈ હીરપરા(ઉ.વ.૩૫)એ ઉમેદ સુખાભાઈ રહે.નવાણીયા તથા ઉમેદનો મિત્ર અનકભાઈ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીઓએફરિયાદીની દુકાને જઈહપ્તોમાંગતા હપ્તો દેવાનીના પાડતા બંને આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ અને આરોપી નં-૧નાએફરિયાદીને છરી વડેડાબા પડખામાં થાપાનાં ભાગે એક છરીનો ઘા મારેલ તેમજ આરોપી નં-૨નાએ છરી વડે પેટનાં ભાગે હુમલો કરી છરી મારી ફરિયાદીને મારી નાખવાનાં ઈરાદે જીવલેણ હુમલો કરી ગંભીર પ્રકારની ઈજા કર્યાની ફરિયાદ પોલીસામાં નોંધાવતા વિસાવદર પોલીસો આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માનવ સેવા એજ પ્રભુ સૂત્રને સાર્થક કરતી સંસ્થા જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢમાં જાગૃત જન સેવા મહિલા મંડળ દ્વારા જરૂરીયાતમંદ લોકોનો કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ખરે ખર જરૂરિયાત મંદ લોકોનેને એમના ઘરે જઈને અનાજનીકીટ જેમાં ઘઉ, ચોખા, ખાંડ, ભૂકી, ખીચડી, સાબુ, પાઉડર, તેલ, દાળ બધી અન્ય વસ્તુ આપવામાં આવેલ હતી. સંસ્થા દ્વારા તો વધારેમાં વધારે જરૂરિયાતમંદ સુધી અમે પહોંચી એવી પ્રેરણા છે. પરંતુ હાલ અમે લોકો નાની અનામી દાતાઓના સાથ સહકારથી હાલ ફેબ્રુઆરી માસથી ૫ થી ૬ કીટનુંઆયોજન કરેલ છે. જેમાં પ્રમુખ સીમાબેન મકવાણા, કીર્તિબેન ચુડાસમા, મધુબેન આહીર, ડિમ્પલબેન લખતરિયા, રાણીબેન ઓડેદરા, સોનલબેન ગડા આ પુણ્યના કામમાં સહભાગી બન્યા હતા.

પ્રભાસ-પાટણ વિદ્યાર્થીનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૧

વેરાવળ નારણદાસ જેઠાલાલ સોનેચા મેનેજમેન્ટ-ટેકનીકલ ઈન્સ્ટીટયુટમાં એમબીએમમાં અભ્યાસ કરતા સિંધી સમાજનાં પ્રભાસ-પાટણનાં વિદ્યાર્થીની શાહિજા નિશા મહેષભાઈ એન્ટરપ્રીનીયરશીપ એન્ડ ફેમિલી બિઝનેશ અભ્યાસમાં સારા ગુણોથી પાસ થતા તેમને ગોલ્ડ મેડલ અમદાવાદ સાયન્સસીટી ખાતેકોન્વોકેશન સમારોહમાં એનાયત કરાયો હતો. આમ સિંધી સમાજ તથા સમગ્ર પ્રભાસ-પાટણ-વેરાવળનું ગૌરવ વધાર્યું છે.

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને બ્રોકલીનો દિવ્ય શણગાર કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૦

વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તા.૧૧-૨-૨૦૨૩ને શનિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘાનો શણગાર ધરાવી અંદાજીત ૨૦૦ કિલો બ્રોકલીનો દિવ્ય શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી તથા ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ હતી. હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ હતો.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, વરસંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂ. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૮૫૦૦ થી શરૂ
વરસંટી ૮૫૦૦ થી શરૂ
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, વરસંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે સાર્થક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, કિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨